સુવિચાર
જે વ્યકિત સમાજ કે દેશ માટે પોતાનું યોગદાન આપે છે તે આ દુનિયામાં સૌથી સફળ વ્યકિત છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૧/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

www.amreliexpress.com
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ પોષ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૦૨૯

## ચલીચલી રે પતંગ મેરી ચલી રે, ચલી બાદલો કે પાર હો કે ડોર પે સવાર, સારીયે દુનિયા દેખ લે

# એ કાપ્યો છે : અમરેલી જિલ્લામાં મકરસંક્રાતિ પર્વનો જબબરો ઉત્સાહ

**જિલ્લાનાં પતંગ રસિયાઓ આજે સમગ્ર આકાશને અવનવી પતંગથી સુશોભિત કરવા તૈયાર થયા**

**શેરડી, ચીકી, ઉંધીયું સહિતનાં રસથાળ સાથે સૌ કોઈ અગાશીમાં સવારથી પતંગ ઉડાવવા અધીરા**

**જિલ્લામાં આમ આદમીથી લઈને ખાસ આદમી સહિત સૌ કોઈ પતંગનાં રંગે રંગાશે**

**જો કે પતંગ રસિયઓએ નિર્દોષ પક્ષીઓની કાળજી લેવાનું પણ યાદ રાખવું જરૂરી બન્યુ છે**



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં આવતીકાલ ૧૪ જાન્યુઆરીએ મકરસંક્રાંતિ પર્વની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. પતંગ રસિયાઓ અવનવી પતંગથી આકાશનેસુશોભિત કરવા અધીરા બન્યા છે. તો ધાર્મિકજનો ધ્વારા ગૌમાતાને ઘાસચારો, ગરીબોને લાડુ અને પતંગનું વિતરણ કરીને ધન્યતા અનુભવશે તો જીવદયા પ્રેમીઓ પણ નિર્દોષ પક્ષીઓ ઘાયલ થાય તો તેની સારવાર કરવા તૈયાર થયા છે.

અમરેલી જિલ્લામાં આમ આદમીથી લઈને ખાસ આદમી અને આબાલથી લઈને વૃધ્ધ સહિત સૌ કોઈમાં પતંગનું આકર્ષણ રહ્યું છે. જો કે આ વખતે પતંગ–દોરીનાં ભાવમાં વધારો થયો હોય છતાં પણ વર્ષે એકવાર આવતાં તહેવારને ઉજવવા સૌ કોઈ થનગને છે.

અમરેલી જિલ્લાનાં તમામ શહેરો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ પતંગ ચગાવવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને પતંગ રસિયાઓ સવારથી સાંજ સુધી અગાશીમાં શેરડી, ચીકી, ઉંધીયાનો રસથાળ આરોગીને પતંગનો આનંદ ગીત સંગીત સાથે મેળવશે.

બીજી તરફ મકરસંક્રાતિ પર્વે ગૌ–માતાને ઘાસચારો, પક્ષીઓને ચણ અર્પણ કરવાનું પણ ધાર્મિક મહત્વ હોવાથી પૂણ્યશાળીઓ દાન–પૂણ્ય કરીને સેવાનો લાભ મેળવશે તો જીવદયા પ્રેમીઓ પતંગની દોરીથી ઘાયલ થતાં

(અનુસંધાન પાના ૬ ઉપર)

NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૦/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.-૩૬૫૬૦૧

### અમદાવાદમાં ૧૩ અને ૧૪ તારીખે આતંકી હુમલો થવાનું જણાવતાં ફરિયાદ

# અમરેલીનાં સંદિપ શાહ નામનાં યુવકે આતંકી હુમલાનું વોટ્સઅપ કોલ દ્વારા અફવા ફેલાવતા પોલીસે ઝડપી લીધો

### જિલ્લા પોલીસ વડાની સુચનાથી એસ.ઓ.જી.એ આરોપીને ઝડપી લીધો

અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે એસ.ઓ.જી.નાં પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.જી.ઓ. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમને આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની માલ–મિલ્કતોને નુકસાન

(અનુસંધાન પાના ૬ ઉપર)



### રાજુલાનાં વેદાંશુ દવેએ રોંગ સાઈડમાં કાર ચલાવી

# બાઢડા નજીક કાર હડફેટે આવી જવાથી સ્કૂટર ચાલક વૃધ્ધનું મોત

### કાર ચાલક પાસે લાયસન્સ ન હોવાનું પણ બહાર આવ્યું

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના વિજયાનગર ગામે રહેતા કનુભાઈ લાલજીભાઈ શેલૈયા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ તેના હવાલાવાળુ સ્કુટર

(અનુસંધાન પાના ૬ ઉપર)

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Since 1986
બાલમુકુંદ જવેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,590/-
અમરેલી
વધુ માહિતી માટે
૬૩૫૨૪ ૩૧૩૬૬

Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

NATRAJ Gharelu Aatachakki
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
ફૂલી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૬૪૮૪૪ ૫૯૫૪૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

કાર્ડિયાક વિભાગ
AIMS-એઈમ્સ
Care is our culture
HOSPITAL-AMRELI
હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
■ 24X7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
■ હૃદયનો 2D/3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
■ ડોબ્યુટેમાઈન સ્ટ્રેસ ઈકોની સુવિધા
■ ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
■ HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
■ હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ/સ્ટેન્ટ મુકવું)
■ પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
■ હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology) Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી... એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
■ ડાયાબિટીસ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
■ દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
■ (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
■ મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
■ કોલેરા, ઝાડા, ઉલટી, પેટનો દુખાવો, એપેન્ડીક્ષ, પેન્ક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઉલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
■ પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયુર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાંત
એઈમ્સ હોસ્પિટલ
બસ સ્ટેશનની સામે, અમરેલી.
(02792) 222060 - 7610810827

# અમરેલી : સનફ્લાવર સ્કૂલ ખાતે વિજ્ઞાન/ગણિત પ્રદર્શન યોજાયુ



અમરેલી શહેરમાં અંગ્રેજી માધ્યમની નર્સરીથી ધોરણ એક થી આઠ સુધીનું શિક્ષણ આપતી જાણીતી ટેકનોલોજી સાથે શિક્ષણ આપતી અગ્રેસર સંસ્થાનાં પરિસરમાં વિશાળા વિજ્ઞાન ગણિત પ્રદર્શન યોજાયું. વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેકટ ખૂબ જ સુંદર રીતે અંગ્રેજીમાં રજૂ કર્યા હતા. બધા જ પ્રોજેકટ સાથે આપણા વેદોથી વિજ્ઞાન સુધીની યાત્રા જોડાયેલી હતી. વિશાળ સંખ્યામાં વાલી આ પ્રદર્શનમાં જોડાયા હતા. પ્રદર્શન સાથે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતીની પણ ઉજવણી કરવામાં આવી હતી. આવનાર પ્રત્યેકને વિવેકાનંદજીનું નાનું પોસ્ટર આપી સ્વાગત કરવામાં આવેલ હતું. આ પ્રદર્શનમાં અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોશી તથા શાશનાધિકારી આશિષભાઈ જોશી સાહેબ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. શાળાનાં આચાર્ય બીનાબેન ગોંડલીયાનાં માર્ગદર્શનથી સમગ્ર શાળાની ટીમે સનફ્લાવર વિજ્ઞાન નગરી ઉભી કરી હતી.

### અમરેલી જેલમાંથી વચગાળાનાં જામીન પર છૂટી

## છેલ્લા ૪ વર્ષથી ફરાર પાકા કામના કેદીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો

### કેદી દામજીભાઈ મકવાણા રે. સિંહોરની અટકાયત



અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, શિહોર પોલીસ સ્ટેશન આઈ.પી.સી. કલમ ૩૦૨ મુજબના ગુનાના કામે અમરેલી જિલ્લા જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા કેદી દામજીભાઈ લક્ષ્મણભાઈ મકવાણા, (રહે. મઢડા, તા. શિહોર), હાલ રહે. દિગસર, (તા. મુળી, જિ. સુરેન્દ્રનગર) વાળાને અધિક્ષક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સપેકટર જનરલ ગુજરાત રાજય, અમદવાદના જયુડી/ફરલ/પ/૩૨૭૯/૨૦૨૦, તા. ૨૩/૪/૨૦ના હુકમ અન્વયે તા. ૨૪/૪/૨૦૨૦ના રોજ ફર્લો રજા પર જેલ મુકત થયેલ તથા કોવિડ–૧૯ સંદર્ભે મજકુરની ફર્લો રજામાં તા. ૩૧/૫/૨૦૨૦ સુધીનો વધારો થતા મજકુરને તા. ૧/૬/૨૦૨૦ ના રોજ હાજર થવાનું હતું.

પરંતુ મજકુર કેદી જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હતો. અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમને મળેલ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ફરાર થયેલ કેદી દામજીભાઈ લક્ષ્મણભાઈ મકવાણાને તા. ૧૨/૧/૨૪નાં સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના દિગસર ગામની સીમમાંથી પકડી પાડી, અમરેલી જિલ્લા જેલ ખાતે કેદમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

### બિમ્સ હોસ્પિટલનાં સહયોગથી

## અમરેલીનાં સમર્થ વ્યાયામ મંદિર ખાતે નિઃશૂલ્ક આરોગ્યલક્ષી કેમ્પ યોજાયો

### ૧૬૦થી વધુ વ્યકિતઓએ લાભ લીધો



અમરેલી, તા. ૧૩

અમરેલીનાં સમર્થ વ્યાયામ મંદિર ખાતે બિમ્સ હોસ્પિટલનાં સહયોગથી નિઃશૂલ્ક આરોગ્યલક્ષી કેમ્પ યોજાયો હતો. જેનો ૧૬૦થી વધુ વ્યકિતઓએ લાભ લીધો હતો. બિમ્સ હોસ્પિટલનાં ડો. અશોક પરમાર, ડો. સુરજસિંહ, ડો. પંકજ ચાવડા દ્વારા તમામનાં આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી.

### તાલુકા કોંગી પ્રમુખની જહેમતથી

## તરવડાથી બાબાપુર ડામર રોડનું રીપેરીંગ કાર્ય શરૂ

### વાહન ચાલકોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૩


તરવડાથી બાબાપુર સુધીનો ડામર રોડ અત્યંત જર્જરીત હાલતમાંહોય અનેખડખડીયો થઈ ગયો હોય જેને લીધે વાહન ચાલકોને વાહન ચલાવવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય અનેવાહન ચાલકોને વાહનોનું મેન્ટેનટેન્સ પણ વધુ આવતું હોય જેથી કરીનેલોકોની સમસ્યાને ધ્યાનમાં લઈ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ માર્ગઅને મકાન વિભાગ જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેરનેર મહિના પૂર્વેપત્ર પાઠવી રૂબરૂ રજૂઆત કરેલી હતી ત્યારે કાર્યપાલક ઈજનેરે એક અઠવાડિયાના સમયગાળામાં આ રોડને રીપેરીંગ કરી આપવામાં આવશે તેવું કહ્યું હતું, પરંતુ એક અઠવાડિયાના બદલે ૧૫ દિવસ જેવો સમયગાળો વીતી ગયો હોવા છતાં પણ આ રોડને રીપેરીંગ કરવામાં ન આવ્યો, જેથી કરીને તાલુકા કોંગ્રેસ પ્રમુખે કાર્યપાલક ઈજનેર પાસે આ રોડ રીપેરીંગ કરવાની ફરી એકવાર માંગણી કરી હતી, ત્યારે કાર્યપાલક ઈજનેરે એવું કહ્યું હતું

કોન્ટ્રાક્ટરને કામ આપી દેવામાં આવ્યું છે જેથી કરીનેએક અઠવાડિયાના સમયગાળામાંઆ રોડની મરામત થઈ જશે, પરંતુ એક અઠવાડિયાના બદલે ફરી ૧૫ દિવસનો સમય જતો રહ્યો હોવા છતાં પણ આ રોડનું મરામતનું કામ થયું નહીં, જેથી કરીને તાલુકા કોંગ્રેસ પ્રમુખે કાર્યપાલક ઈજનેરને રૂબરૂ મળીને વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો, જેમાં કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે જે કોન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું છે તેકામ કરવામાં ગલ્લા તલ્લા કરી રહ્યો છે જેથી કરીનેઆ રોડ રીપેરીંગ કરવાનું કામ મોડું થઈ રહ્યું છે, જેના અનુસંધાનેતાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી ડે એ કાર્યપાલક ઈજનેરને બીજા કોન્ટ્રાક્ટર પાસે આ રોડનું રીપેરીંગ કામ તાત્કાલિક ધોરણેકરાવવા માટે જણાવ્યું હતું, જેથી કરીને કાર્યપાલક ઈજનેરે બીજા કોન્ટ્રાક્ટર પાસે ૧૫ દિવસમાં કામ પૂર્ણ કરવાની ખાતરી આપેલ હતી, આમ તાલુકા કોંગ્રેસ પ્રમુખની ૨ મહિનાની સતત મહેનત અને કાર્યપાલક ઈજનેર પાસેકામની સતત ઉઘરાણી કરવાથી તરવડા થી બાબાપુર ડામર રોડનું રીપેરીંગ કાર્ય પૂર્ણ થયેલ હોવાથી તાલુકા કોંગ્રેસ પ્રમુખએ કાર્યપાલક ઈજનેરનો આભાર વ્યકત કર્યો છે.

હેપ્પી બર્થ–ડે...

વેદાંત કાતરીયા ૧૪/૧/૨૦૨૪ રવિવાર. સામાજિક કાર્યકર્તા યુવા આગેવાન આર.ડી.એ.એમ. અમરેલી જિલ્લા અધ્યક્ષ ભરત કાતરીયા/શિલ્પાબેન કાતરીયાનાં લાડલા વેદાંતનો આજે જન્મદિવસ છે.

દાદા–રામજીભાઈ, દાદી–શાન્તાબેન.
આયુષ, નિર્મલ, કિંજલ, વંશિકા,
સમસ્ત કાતરીયા પરિવારનાં જયભીમ.



વેદાંત કાતરીયા

### સમગ્ર દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ

## ફફડાટ : ધારીનાં હરિપરામાં પાંચ સિંહોએ ૩ પશુઓનો કર્યો શિકાર

### માનવ વસાહતમાં રાની પશુઓની અવરજવર વધતા ચિંતા



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના વિસ્તારોમાં શિકાર તથા પાણીની શોધમાં છાશવારે વન્ય પ્રાણીઓ માનવ વસ્તીમાં આવી ચડે છે. અને દુધાળા પશુ અથવા તો માનવી ઉપર હુમલાઓ કરવાના બનાવો બને છે. તો બીજી તરફ આવા અતિદુર્લભ એવા વન્ય પ્રાણીઓ પણ અકસ્માતનો ભોગ બનતા હોય છે. ત્યારે આજે વહેલી સવારે ધારી ગામના પાદરમાં આવેલ હરિપરામાં એકી સાથે પાંચ જેટલાં સિંહોનું ટોળું ચડી આવ્યું હોય અને ત્રણ પશુઓનો શિકાર કર્યો હતો.

આ બનાવમાં આજે વહેલી સવારે ધારી ગામના પાદરમાં આવેલ તુલસી શ્યામ રોડ ઉપર આવેલા હરિપરા વિસ્તારમાં એકી સાથે પાંચ જેટલાં સિંહોનું ટોળું ચડી આવ્યું હતું. અને આ હરિપરા વિસ્તારની શેરીઓમાં લટાર મારતા હોય તેવા દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા હતા. અને ત્રણ પશુઓનો શિકાર કર્યો હતો.

### ખેડૂત પેનલનાં ૧૦ ડિરેકટરો થયા બિનહરીફ જાહેર

## લીલીયામોટા : ભાભા માર્કેટિંગ યાર્ડનાં ડિરેકટર પદ માટેની ચૂંટણી યોજાઈ

### ઈફકોનાં ચેરમેન અને ધારાસભ્યએ શુભેચ્છા પાઠવી



લીલીયા, તા. ૧૩

લીલીયા મોટા ભાભા માર્કેટિંગ યાર્ડના ડિરેકટર પદ માટેની ચૂંટણી યોજવામાં આવેલ. જેમાં તમામ ડિરેકટરો બિનહરીફ જાહેર થતાં સામાપક્ષે કોઈ ફોર્મ ન આવતા તમામ ડિરેકટરો બિન હરીફ જાહેર થયેલ હોય ત્યારે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી અને વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તમામ ડિરેકટરોને શુભકામનાઓ પાઠવી અને મીઠા મો કરાવવામાં આવેલ. ભાભા માર્કેટિંગ યાર્ડના ડિરેકટર પદે બિન હરીફ થયેલા ડિરેકટરો પૂર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયા, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા તાલુકા ભાજપના મહામંત્રી અને કુતાણા ગામના ત્રણ ટર્મ બિન હરીફ સરપંચ રહી ચૂકેલા એવા ગૌતમભાઈ વિછીયા, મધ્ય સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, લીલીયા તાલુકા ભાજપ ના પૂર્વ પ્રમુખ બાબુભાઈ ધામત, ભાજપ અગ્રણી મગનભાઈ દુધાત, લીલીયા સેવા સહકારી મંડળી લીલીયાના પ્રમુખ મગનભાઈ વિરાણી, દકુભાઈ બુટાણી, ખેડૂત પુત્ર કેતનભાઈ ઢાકેચા, વાલજીભાઈ માંડણકા, બિન હરીફ જાહેર થયેલ તેમજ સહકારી સંસ્થાઓના સલાહકાર વિદ્વાન વકીલ કિશોરભાઈ પાઠક કાનૂની સલાહકાર તરીકે વરણી થયેલ હોય જેને લઈને રાજકીય આગેવાનો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી : નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા નાસિક ખાતે ૨૭મો રાષ્ટ્રીય યુવા ઉત્સવ યોજાયો



અમરેલી નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ‘રાષ્ટ્રીય યુવા દિવસ’ સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે નહેરૂ યુવા કેન્દ્રનુ ૨૭મુ રાષ્ટ્રીય યુવા ઉત્સવ નુ આયોજન નાસિક ખાતે યોજવામા આવેલ. જેમા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતમા યુવા વર્ગને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યુ તેમજ દેશના વિવિધ ક્ષેત્રથી યુવાનો રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામા સ્પર્ધક તરીકે જોડાયા જેમા અમરેલી માતૃ શ્રી મોઘીબા મહિલા આર્ટસ કોલેજની વિધાર્થીની જોષી હેમાદ્રી નરેશભાઈ રાષ્ટ્રીય યુવા ઉત્સવમા સહભાગી થયેલ છે નહેરૂ યુવા કેન્દ્રના અમરેલી જીલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગીના માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે શ્રીમતી વસંતબેન એન.વ્યાસ હોમિયોપેથિક મેડીકલ કોલેજ ખાતે યુવાનોને સ્વામી વિવેકાનંદજીના જીવન ચરિત્ર તેમજ યુવાને પ્રેરણાત્મક માર્ગદર્શન હેતુસર કાર્યક્રમ યોજવામા આવેલ હતો તેમજ અમરેલી ખાતે સેવાના નુતન પર્ણનો ઉમેરો કરતી સંસ્થા કલ્યાણામ્ ફાઉન્ડેશનનુ લોકાપર્ણ કરવામા આવેલ હતુ.જેમા જાણીતા વકતા અર્જુનભાઈ દવે, શિતલ કુલ પ્રોડકસ લીમીટેડના એમ.ડી હાર્દિકભાઈ ભુવા, અમરેલી જીલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ તેમજ સામાજીક સેવાકીય વ્યક્તિત્વ તેજસભાઈ ત્રિવેદી, અમરેલીના તબીબ ડો.ભવનેશભાઈ ભટ્ટ, લેખક અર્જુનભાઈ ગઢીયા તેમજ સંસ્થાના ટ્રસ્ટી અતુલભાઈ જાની તેમજ ડાયરેકટર મિત્તલમેડમ,સ્ટાફ ગણ તેમજ બહોળી સંખ્યામા વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન નહેરૂ યુવા કેન્દ્ર ના કિશનભાઈ શિલુએ કરેલ હતુ.

## ફ઼િલ્મી સફ઼ર (એક ઈતિહાસ)

**હિતેશ જોષી : ૯૪૨૭૭ ૩૦૫૦૬**

**પ્રકરણ-૧૬૭**

**'આ હા રીમઝીમ કે યે પ્યારે પ્યારે...ગીત લિયે..... આઈ રાત સુહાની દેખો પ્રીત લિયે... મીત મેરે સુનો જરા... હવા કહે કયાં ...**
**'છોડો કલ કી બાતે... કલ કી બાત પુરાની... નયે દેર પે લીખેંગે મિલ કર નઈ કહાની... હમ હિંદુસ્તાની...**
**'મતવાલી નાર... ઠૂમક... ઠૂમક... ચલી જાય....**

પ્રિય વાચક મિત્રો,

આજે ઉતરાયણનો પવિત્ર તહેવાર છે, સૂર્ય દર વર્ષે બાર રાશિમાં પરિભ્રમ્ણ કરે છે, આજે એટલે કે ૧૪ જાન્યુઆરી એ તે ધન રાશિ છોડી, મકર રાશિમાં પ્રવેશ કરશે, તેને મકર સંક્રાંતિ કહે છે, આવી તમામ રાશિની સંક્રાંતિ આશરે દર મહિને ૧૪ થી ૧૬ અંગ્રેજી તારીખે થતી હોય છે, પણ તેમાં મકર સંક્રાંતિ નું મહત્વ વધુ છે. કારણ કે દેવો ના ગુઢ બૃહસ્પતિ ની રાશિ ધન માં સૂર્ય દેવ જે ગ્રહો ના રાજા છે, તે ગુરૂ ની સેવા કરી મકર રાશિ માં આવે છે, જે એક જયોતિશય વિષય છે, જેની ચર્ચા અહી સંભવ નથી, પણ મકર સંક્રાંતિ ના પવન અને સંક્રાંતિ ના વાહન અને દિશા પર થી વર્ષ નું ભવિષ્ય કથન થતું હોય છે , પણ ભારત માં મકર સંક્રાંતિ નું તે મહત્વ વિશરતું જાય છે, અને માત્ર પતંગોસ્તવ થી ઉજવણી થતી જાય છે , વેદપુરાણો માં જે




મહત્વ દર્શાવ્યું છે, તે ખુબજ ઓછા લોકો ને ખ્યાલ હોય છે, પણ ઉતરાયણ કહો કે મકર સંક્રાંતિ આપ સર્વ વાચક મિત્રો ને શુભ કામનાઓ સાથે આજે ફિલ્મી સફર માં સુનિલ દત ની સફળ ફિલ્મો ની વાત કરીશું . અ ભિ ને ત ા સુનિલ દત ની આ વર્ષે ચાર ફિલ્મો આવી જેમાં ત્રણ ફિલ્મ સફળ રહી. સુનિલ દત અને નરગિસ જી ના પ્રણય સંબંધો ની અને લગ્ન ની વાત આપણે કરી ચૂક્યા છીએ, નરગિસ જી ફિલ્મો થી નિવૃતિ લઈ માત્ર પરિવારિક જીવન પર પ્રયાન આપી રહ્યા છે , અને ૧૯૫૯ માં તેમને ત્યાં સંજય નામ ના પુત્ર ની પ્રાપ્તિ પણ થઈ ગઈ છે, તેમના વિષે આપણે તેમના હિન્દી સિનેમા ના પ્રવેશ સમયે ચર્ચા કરીશું , સુનિલ અને નરગિસજી નું બીજું સંતાન પ્રિયા છે, જે એક સાંસદ સભ્ય રહી ચૂક્યા છે.

**ઉસ ને કહા થા –** બિમલ રોય ના નિર્માણ અને મોની ભટ્ટાચાર્ય ની પ્રથમ નિર્દેશક રૂપે ની આ ફિલ્મ ની કહાની ચંદ્ર ધર શર્મા ની નવલ કથા 'ઉસ ને કહા થા' પર આધારિત છે , શૈલેન્દ્ર ના ગીત અને સલિલ ચેધરી ના મધુર સંગીત સાથે સુનિલ દત, નંદા, રાજેન્દ્ર નાથ, દુર્ગા ખોટે, તરૂણ બોસ, અસિત સેન, લીલા મિશ્રા, ઈંદ્રાણી મુખર્જી, રશિદ ખાનથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. આ ફિલ્મ અભિનેત્રીઈંદ્રાણી મુખર્જીની પ્રથમ ફિલ્મ છે, ધરમ વીરમાં મહારાણી ના પાત્ર કોઈ ભૂલી શકે નહીં, કે અમિતાભ અને વિનોદ ખન્ના ની પરવરીશ ની માતા એટેલ ઈંદ્રાણી મુખર્જી . ૦૧ માર્ચ ૧૯૪૨ માં જન્મેલા ઈંદ્રાણી બ્રાહમન પરિવાર થી આવે છે, ૧૯૬૦ માં બિમલ રોય ના સંપર્ક માં આવ્યા, બિમલ રોય હમેશા નવા કલાકારો ને આગળ લાવવા પ્રખ્યાત હતા, અને ફિલ્મ 'ઉસ ને કહા થા' માં તેમને સહાયક અભિનેત્રી નું પાત્ર મળ્યું, ઈંદ્રાણી હિન્દી સિનેમા માં નાયિકા તરીખે વધુ આગળ ના આવ્યા, તેમની રાજેશ ખન્ના સાથે ની ફિલ્મ ૧૯૬૬ માં આખરી ખત એ નાયિકા ના રૂપ માં છેલ્લી ફિલ્મ હતી, ત્યારબાદ તેઓ ચરિત્ર ભૂમિકા માં જોવા મલતા હતા, જેમાં ધરમ વીર, પરવરીશ નો ઉલ્લલેખ આપણે કરી ચૂક્યા છીયે , ઈંદ્રાણી એક ભારતીય સડ્ગૃસ્થિ માં માનતા હતા. તેઓ ૧૯૮૪ સુધી સક્રિય રહ્યા અને તેમની છેલ્લી ફિલ્મ ૨૦૧૪ માં આવી હતી. ફિલ્મ ની કથા એક પ્રણય કથા છે, નંદા અને સુનિલ એકબીજા ને પ્રેમ કરે છે, પણ ગરીબી ના લીધે એક થઈ શકતા નથી, સુનિલ લશ્કર માં સૈનિક બની જાય છે, પણ વતન આવતા તેને જાણ થાય છે, કે નંદા ના લગ્ન તેના ઉપરી અધિકારી સાથે થયા છે, નંદા તેના પતિ ના રક્ષણ નું વચન સુનિલ પાસે થી મેળવે છે, અને સુનિલ યુદ્ધ માં તેનો જીવ આપી નંદા ના પતિ ને બચાવે છે, તેને પૂછવા માં આવે છે કે તેણે આમ કેમ કર્યુ ત્યારે તેના અંતિમ શબ્દો હોય છે કે ' ઉસ ને કહા થા ' આવી આ પ્રણય કથા નું ગીત તલતજી અને લતાજી ના સ્વર માં ' આહા રિમાઝીમ કે યે પ્યારે પ્યારે ગીત લિયે..થી યાદ કરાય છે.

**હમ હિંદુસ્તાની –** રામ મુખર્જી ના નિર્દેશન અને શશધર મુખર્જી ના નિર્માણ માં, ઉષાખન્ના ના સંગીત અને, સાહિર, પ્રેમ ધવન અને રાજેન્દ્ર કૃષ્ણા ના ગીત સાથે, આ ફિલ્મ માં, સુનિલ દત, આશા પારેખ, જોય મુખર્જી, હેલેન, પ્રેમ ચોપડા, આગા, ગજાનન જાગીરદાર, જોગિંદાર, લીલા ચિટનીસ, સંજીવ કુમાર, સપૃ, થી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. આ ફિલ્મ થી ત્રણ અભિનેતા જે હિન્દી સિનેમા માં પ્રખ્યાત થયા તેઓ એ પ્રવેશ કર્યો છે, જેમ કે ખલનાયક પ્રેમ ચોપડા, અને અભિનય ના શહેનશાહ સંજીવ કુમાર, પણ આપણે તેમનો પરિચય આગળ તેમની મહત્વ ની ફિલ્મો થી મેળવીશું, જોગિંદર જે એક ખ્યાતનામ ખલનાયક બન્યા તેમની આ પ્રથમ ફિલ્મ છે, પણ તેમનો પરિચય પણ આગળ કરીશું. શશધર મુખર્જી ના પુત્ર જોય મુખર્જી પણ આ ફિલ્મ માં છે, પણ તેમની સફળ સુપર હિટ ફિલ્મ માં તેમનો પરિચય કરીશુ જે આ વર્ષે જ આવેલ છે. હેલેન ને આ ફિલ્મ માં એક સહ નાયિકા નું પાત્ર મળ્યું છે, પણ તેઓ એક ડાન્સર અને વેમ્પ ના કિરદાર




માં વધુ સફળ થયા. ફિલ્મ ની કથા બે ભાઈઓ પર આધારિત છે, જે અમીર થી ગરીબ થયા બાદ, તેમનો સંઘર્ષ અને હમ હિંદુસ્તાની નોવેલ લખવા પર અને ચોરી ના ખોટા આરોપ થી બન્ને ભાઈઓ માં ગેર સમજ અને સત્ય સામે આવ્યા બાદ ખુશહાલી ની કથા આ ફિલ્મ માં છે, પ્રેમ ધવન ના ગીત અને, ઉષા ખન્ના ના સંગીત સાથે , મુકેશ જી ના સ્વર માં, ' છોડો કલ કી બાતે કલ કી બાત પુરાની, નયે દેર પે લિખેંગે મિલકર નઈ કહાની, હમ હિંદુસ્તાની, જે મુકેશ જી ના યાદગાર ગીત સાથે યાદ કરાય છે.


**એક ફૂલ ચાર કાંટે ––** ભપપી સોની ના નિર્દેશન માં, હસરત જઈપૂરી અને શૈલેન્દ્ર ના ગીત અને શંકર જયકિશન ના યાદગાર સંગીત સાથે, સુનિલ દત, વહિદા રેહમાન, કૃષ્ણ ધવન, મોહન ચોટી, ટૂન ટૂન , સુલોચના, વીર સકુજા, મુમતાઝ બેગમ, ડેવિડ, જહોની વોકર, રસીદ ખાન, ધુમાલ, બિંદુ અને બેલા બોઝ થી અભિનીત આ ફિલ્મ એક કોમેડી ફિલ્મ હતી, સુનિલ અને વહિદા એકબીજા ને ચાહે છે , પણ તેના ચાર કાકા તેમાં કાંટા રૂપ છે , જે ઈચ્છે છે કે વહિદા તેની પસંદ ના યુવક સાથે લગ્ન કરે, સુનિલ ચાર કાકા ના દિલ જીતી લે છે, પણ ગુમથઈ જાય છે, અંતે ચારે કાકા વહિદા ને તેની પસંદ ના યુવક સાથે લગ્ન ની હા કહે છે, અને સુનિલ ને જોઈ ચોકી જાય છે, ફિલ્મ માં હાસ્ય રસ સમવાયો છે, સાથે મુકેશ જી ના યાદગાર ગીતો પૈકી નું ગીત ' મતવાલી નાર ..ઠૂમક ઠૂમક ચલી જાય..પૈકી નું છે, ફિલ્મ માં વહિદા નું નૃત્ય લાજવાબ છે, વૈજયંતી અને વહિદા થી હિન્દી સિનેમા માં અભિનેત્રી ના નૃત્ય નો નવો યુગ શરૂ થયો છે, ગીતા દત પણ એક સારા નૃતયંગના છે. ફિલ્મ એવરેજ સફળ રહી હતી. અભિનેત્રી બિંદુ ની આ ફિલ્મ માં નાની ભૂમિકા છે, જેનો વિગત વાર પરિચય આગળ તેમની સફળ ફિલ્મ સાથે કરીશું. સુનિલ દત ની જે બી એચ વાડિયા ના નિર્દેશન માં સુનિલ દત, શ્યામા, કુમકુમ, બી એમ વ્યાસ, આગા, હબીબ, ડેસી ઈરાની થી અભિનીત ફિલ્મ 'દુનિયા ઝૂકતી હે 'સફળ રહી ના હતી. પણ આશા જી ના ગીત થી યાદ કરાય છે, જે સફળ તો ના રહ્યા, પણ આશા જી ના રેર સોંગ માં સમાવિષ્ટ છે.

**ભારત ભુષણ –** મિત્રો, ભારત ભૂષણ ની આ વર્ષે પાંચ ફિલ્મો આવી , જેમાં એક સફળ અને એક સુપર હિટ રહી , સફળ ફિલ્મ 'ઘુંઘટ' ની વાત થઈ ગઈ છે, એક ફિલ્મ ઓરવો કલર માં પણ બની જે પણ સફળ ના રહી, બીજી બે ફિલ્મો સફળ ના રહી જેમ કે,

**મૂડ મૂડ કે ના દેખ –** સફળગીત પર થી ફિલ્મ શીર્ષક ની શરૂઆત તે સમય થી ચાલે છે, રામાયણ તિવારી ના નિર્દેશન માં, ભારત ભૂસન, અનીતા ગુહા, જીવન, મેહમુદ અને પ્રેમ ચોપરા થી અભિનીત આ ફિલ્મનું સંગીત હંસરાજ બહેલે આપ્યું હતું ફિલ્મ સફળ ના રહી.

**ચાંદ મેરે આજા –** રામ દરિયાની ના નિર્દેશન માં, ભારત ભૂસન, નંદા, જીવન, મારૂતિ, લલિતા પવાર, અમર, લલિતા કુમારી, અંજલિ દેવી, અચલા સચદેવ, બી એમ વ્યાસ થી અભિનીત આ ફિલ્મનું સંગીત ચિત્ર ગુપ્તે આપ્યું હતું, જે રફી સાહેબ અને લતાજીના સ્વરમાં ચાંદ કો દેખા ગીત થી યાદ કરાય છે, આગામી અંકમાં ભારત ભૂસન અને મધુબાલાની સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર.

# ઉતરાયણ - સૂર્ય શકિત સંગ્રહ (કેલ્શીયમ + વિટામીન ડી) અને પરીવર્તન (જુનું ત્યજી નવું અપનાવવાનો)નો તહેવાર



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આજની ચર્ચાના વિષય માટે મારા પરમ મિત્ર ડો.નીતીનભાઈ ત્રીવેદી (બાળ રોગ નિષ્ણાંત)એ મોકલાવેલ એક મેસેજથી આ લેખ લખવાનો વિચાર આવ્યો. શરૂઆત મારી પાસે સારવાર લેવા આવેલ નીરાલીબેન (દર્દીનું નામ બદલાવેલ છે)ના કેસથી કરીશુ, નીરાલીબેનની ઉમર ૩૬ વર્ષ છે, નીરાલીબેનનું પીયર અમરેલી અને મુંબઈ સાસરે છે, નીરાલીબેનના લગ્નને ૧૦ વર્ષ થયા છે, હાલમાં તે મુંબઈમાં એક અમેરીકન કંપનીમા છેલ્લા ૬ વર્ષથી જોબ કરે છે,.તેનો નોકરીનો સમય રાતના ૮-૦૦ થી સવારના ૪-૦૦ નો છે. તેને કમરનો અસહ્ય દુખાવો રહેતો હતો, એટલે અમરેલી આરામ કરવા આવ્યા હતા, કોઈએ તેમને આયુર્વેદ સારવાર ની સલાહ આપી એટલે મારી પાસે આવ્યા હતા, મે તેમને તપાસ્યા એમની ફરીયાદ એવી હતી કે સાહેબ કમર અસહ્ય દુખ્યા કરે છે, રાત્રે પગ બહુ કળે છે, થાક ખુબ લાગ્યા કરે છે, મુંબઈમાં લગભગ દરેક જગ્યાએ સારવાર લીધી પણ જયા સુધી દવા લવ સારૂ રહે છે જેવી દવા બંધ કરૂ કે દુખવા માંડે છે, એટલે હવે તો દવાથી એટલી બધી કંટાળી છું કે સાહેબ કોઈ દવા લેવી નથી, મે તેમની પાસે રહેલા તેમના બધા રીપોર્ટસ જોયા, તેમાં એકસ-રે, એમ.આર.આઈ. , સહીત ના લગભગ બધા રીપોર્ટસ હતા, અને બધા રીપોર્ટસ નોર્મલ હતા, મે તેમના રીપોર્ટસ મારી પાસે રાખ્યા અને બીજા દિવસે સવારે વહેલા આવવા જણાવ્યુ,(અમારી પાસે મોટા ભાગે લોકો રોગ જુનો થયા બાદ (chronic) જ સારવારમાં આવતા હોય છે અને એવા રોગો કે જેમાં રોગ ઘણા લાંબા સમય થી ચાલુ હોય પણ રોગ થવાનું દેખીતુ કોઈ કારણ નો દેખાતુ હોય આવા દર્દીમાં તેના રોગના કારણ (નિદાન) માટે જયારે હું એકદમ સ્વસ્થ ચીતે (વહેલી સવારના સમયે) વિચારૂ ત્યારે એ જુના રોગ થવા માટે મોટાભાગે એવું કારણ જ જાણવા મળે જે એ દર્દીની દિનચર્યા સાથે જોડાયેલું હોય, એટલે જયારે આવા દર્દી અમારી પાસે આવે કે જેનું સ્પષ્ટ નિદાન ન થયું હોય એ દર્દીને હું હંમેશા વહેલી સવારે આવવાનો આગ્રહ રાખું છું, મને એવું લાગે છે કે <u>દર્દીના નિદાન અને સારવારમાં ડોકટરનું સ્વસ્થચીત ખુબજ અસરકારક હોય છે</u>) એ દિવસે સાંજે મે નિરાંતે નીરાલીબેનના રીપોર્ટસ ફરીથી તપાસ્યા તેમાં નીરાલીબેનના કમરનો દુખાવો સતત રહે તેવુ દેખીતુ કોઈ કારણ દેખાતુ નતુ, તેમના રીપોર્ટસમાં મને વિટામીન ડી નો રીપોર્ટ જોવા નો મળ્યો, મે બીજા દિવસે તેમને વિટામીન ડી નો રીપોર્ટ કરાવવાની સલાહ આપી, જયારે તેમનો રીપોર્ટસ આવ્યો ત્યારે મને ખુબ આશ્ચર્ય થયુ. તેમનું <u>વિટામીન ડી ૨.૩ ng/ml</u> (ng-નેનોગ્રામ, ml-મીલીલીટર) (૩૦-૧૦૦ ng/ml એ નોર્મલ રેંજ છે.) મતલબ કે નીરાલીબેનના શરીરમાં વિટામીન ડી છે જ નહી તેવું કહી શકાય, હવે નીરાલીબેનની રોજની દિનચર્યા ઉપર નજર કરીએ તો નીરાલીબેનની રાત્રે ૮ થી ૪ ની નોકરી હોવાથી વહેલી સવારે ઘરે આવે અને ૧૧-૦૦ સુધી આરામ કરી, રોજનું રૂટીન કામ પતાવી બપોરે પાછા આરામ કરે, તેમનું ઘર એવી ગીચ જગ્યામાં જયા હવા-ઉજાસ બીલકુલ નહીવત હતા, મતલબ નીરાલીબેનને સીધા સુર્યપ્રકાશના સંપર્કમાં આવે તેવું થતુ જ નહી અને પરીણામે તેમનામાં વિટામીન ડી ની ઉણપ સર્જાઈ એવું મને લાગ્યુ, મે તેમને થોડી આયુર્વેદ દવા આપી, માલીશ માટે તેલ આપી અને, તેલ લગાવી રોજ ૧૫ મીનીટ ફરજીયાત તડકે બેસવાની સલાહ આપી, અને ૩-મહીના પછી ફરી આ વિટામીન-ડી ના રીપોર્ટસ કરી મને ફોન કરવા કહ્યુ , દવા લઈ ગયાના લગભગ સાડા ત્રણ મહીના પછી નીરાલીબેનનો ખુબ રાજીપો વ્યકત કરતો ફોન આવ્યો, મે તેમના વિટામીન ડી ના રીપોર્ટસ વિશે પુછયું, મને કહે સાહેબ મારું <u>વિટામીન ડી ૨૪.૪૨</u> થઈ ગયું છે અને પહેલા કરતા ખુબ જ સારુ લાગે છે, મે તેમને ફરીથી રોજ ૧૫ મીનીટ સુર્યપ્રકાશમાં બેસવાનું ચાલુ રાખવાનું કહ્યું.

<u>'આપણા શરીર ની વિટામીન ડી ની જરૂરીયાત પુરી કરવા માટે સુર્યપ્રકાશ મુખ્ય સ્ત્રોત છે,</u> વિટામીન ડી આપણા રોજીંદા ખોરાકમાં આપણને લગભગ મળતું નથી (માછલી માં તે હોય છે), આપણા શરીરની એવી ખાસીયત છે કે તે વિટામીન ડી નો સંગ્રહ કરી શકે છે અને શરીર ને જરૂર હોય ત્યારે આપી શકે છે, <u>જો આપણે ત્રણ આખા દિવસનો સુર્યપ્રકાશ લઈએ તો આખુ વર્ષ આપણા શરીરને જરૂરી વિટામીન ડી નો સંગ્રહ થઈ જાય છે.સુર્યપ્રકાશ દ્વારા વિટામીન ડી સંગ્રહ કરવાનો શ્રેષ્ઠ સમય એ શીયાળાનો અંતભાગ(ઉતરાયણનો સમય) અને ઉનાળા ની શરૂઆતનો છે.</u> આપણા શરીરની એવી પણ ખાસીયત છે કે શરીરને જરૂરીથી વધારે કોઈ વિટામીનનો સંગ્રહ નથી કરતું , આપને વિચાર આવે કે જે આખો દિવસ તડકામાં કામ કરતા હોય તેને તો તેની જરૂરીયાતથી વધારે વિટામીન ડી સંગ્રહ થતું હશે ને પણ એવું નથી થતુ, મારી પાસે એક ભાઈ દવા લેવા આવ્યા, એમને પગનો દુખાવો હતો, મે એમને સલાહ આપી કે બહુ ખાટું નહી ખાતા, મને કહે સાહેબ મને ડોકટરે એવું કહ્યુ છે કે તમારે વિટામીન સી વધારે મળે એવો ખોરાકની જરૂર છે, એટલે આખો દિવસ લીંબુ જ ચુસ્યા કરૂ છુ , મે એમને સમજાવ્યા કે તમારા શરીરની




જરૂરીયાત પુરતું જ વિટામીન સી સંગ્રહ કરશે બાકીનું પેશાબ વાટે શરીર બહાર કાઢી નાખશે.

મિત્રો આપણા દરેક તહેવાર પાછળ આપણા વિચક્ષણ પુર્વજોની દિર્ઘદ્રષ્ટી છુપાયેલી હોય છે, જેનો મુખ્ય હેતુ સમાજ વ્યવસ્થા અને સ્વાસ્થ્યનો હોય છે.

મિત્રો આજે ઉતરાયણ છે, શા માટે ઉતરાયણના દીવસે મમ્મી સવારે તલ ચાવી કોગળા કરવાનું કહેતા ? તલના લાડુ ખવરાવતી, સાંજે ખીચડો ખવરાવતી અને ઉતરાયણના દિવસે ખુલ્લા આકાશમા કેમ પતંગ ચગાવવાની ત્યારે આવી ખબર નહોતી પડતી, પણ આયુર્વેદ ચીકીત્સક તરીકે મે આ બાબતે દ્રષ્ટી કરી ત્યારે મે જે જાણ્યુ એને માટે આપણા વિચક્ષણ પુર્વજોને શત-શત નમન કરવાનું અને શા માટે દુનીયા ભારતને જગતગુરૂ સમજતી તે સમજાય.

ઉતરાયણના દિવસે આખો દિવસ આપણે તલના લાડુ કે ચીકી ખાઈએ છીએ તલની અંદર સૌથી વધુ કેલ્શીયમ હોય છે.(૧૦૦ ગ્રામમાં ૯૭૫ મી.ગ્રા.), હવે મિત્રો આ આખી કડીને જોડો એટલે સમજાશે કે ઉતરાયણ દિવસે આખો દિવસ ખુલ્લા આકાશમાં પતંગ ઉડાવવાનો અને તલ ખાવાનું શુ મહત્વ છે. આમ આપણા તમામ તહેવાર પાછળ કોઈ ને કોઈ સ્વાસ્થ્ય હેતુ હોય જ છે.

અમારી પાસે સાંધાના દુખાવાની ફરીયાદ લઈને આવતા દર્દીઓને અમે હંમેશા તેલ લગાવી કુણા તડકે બેસવાની સલાહ આપીએ છીએ, મીત્રો આપણે સવારે સ્નાન કરી સુર્યનારાયણને જલ અર્પણ કરીએ છીએ તેમાં પણ આ જ હેતુ છુપાયેલ છે. સુર્યશકિત અને ઉર્જા પ્રાપ્ત કરવા એક અનુભુત પ્રયોગ બતાવું છુ. સવારે સ્નાન કર્યા બાદ નિયમીત રૂપે સુર્યને અર્ધ્ય(જલ અર્પણ કરવું) આપી ૨૪-ગાયત્રીમંત્ર બોલવા (મન માં નહી) જેમાં ૐ નો ઉચ્ચાર થોડો દીર્ઘ અને ઉંડેથી બોલવો ૨૪- ગાયત્રી મંત્ર બોલતા અંદાજે ૪-મિનીટ જેટલો સમય લાગશે, આપણા શરીરની દૈનીકની વિટામીન ડી જરૂરીયાત પુરી કરવા રોજ ૪ થી ૫ મીનીટનો સુર્યપ્રકાશ પુરતો છે. આપ આ પ્રયોગ કરી જુઓ આપને અદ્ભૂત લાભ થશે. પ્રાચીનકાળથી સુર્ય ઉપાસનાનું મહત્વ રહેલું છે. <u>વિશ્વના સૌથી પ્રાચીન ગણાતા ઋગ્વેદમાં સુર્ય માટે પતંગ શબ્દ વપરાયો છે.</u> એટલે જ આપણે ઉતરાયણના દિવસે સુર્યપુજાના પ્રતીકરૂપે પતંગ ઉડાવીએ છીએ,

સુર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થળાંતર કરે તેને સંક્રાતી કહે છે, આ પ્રમાણે વર્ષમાં કુલ ૧૨ સંક્રાતીઓ થાય છે. પરંતુ સુર્ય ધન રાશીમાંથી મકર રાશીમાં સ્થળાંતર કરે છે ત્યારે મકરસંક્રાતી શરૂ થાય છે જે ૧૪-૧૫ જાન્યુઆરી આસપાસ નો સમય હોય છે, આ સમયે સુર્ય પૃથ્વી આજુબાજુની પોતાની પરીભ્રમણની દિશામાં પણ પરીવર્તન કરી થોડોક ઉતર દિશા તરફ ખસે છે આમ <u>સુર્ય ઉતર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉતરાયણ તરીકે ઓળખવામાં આવે છે.</u>

આકાશ એ અનંત છે, આકાશ સામે એક ધાર્યુ જોવાથી તમારામાં વિશાળતાનો અને સર્વની સ્વિકૃતીનો ભાવ આવશે, આકાશ સામે જોવાથી તમારામાંથી નેગેટીવીટી ઓછી થઈ નવી ઉર્જાનો સંચાર થશે, ઉતરાયણ એ પરીવર્તનનો સમય છે, જુનુ ત્યજી અને નવુ અપનાવવાનો સમય છે, દક્ષિણાયન અંધકારનો સમય છે એટલા માટે આ સમય આપણે કોઈ શુભ કામ નથી કરતા જયારે ઉતરાયણ પ્રકાશનો સમય છે તેથી તેને શુભ માનવામાં આવે છે, એટલે જ ઉતરાયાણથી આપણે કમુર્તા પુરા થયા છે એવું સમજી શુભ કાર્યોનો પ્રારંભ કરીએ છીએ, આવા સમયે જો દાન કરવામાં આવે તો તમારામાં એક સંતોષનો ભાવ થશે.

તો, ચાલો મિત્રો આ વર્ષે ઉતરાયણના દિવસે સવારમાં તલ ચાવી, તેના વડે દાંત ચોખ્ખા કરી, તલના તેલથી સર્વાંગ માલીશ કરી, તલના લાડુ કે ચીકી ખાય, આખો દીવસ સુર્ય શકિતનો સંગ્રહ કરી પતંગ ઉડાવવાની મોજ કરીને નવી ઉર્જા સાથે શરીર-મનને રીચાર્જ કરી લઈએ.

<u>મર્મબિંદુ :</u>- પદયાત્રા કરતો ત્યારે મારા આહારમાં કુલ ૧૨૦૦-૧૩૦૦ કેલરી રહેતી. ડોકટરોને બહુ નવાઈ લાગતી કે આટલા બધા શ્રમ છતાં આટલી ઓછી કેલરીમાં કેમ ચાલી શકે છે ? હું કહેતો કે હું સૌથી વધારે આકાશ ખાઉં છુ. મારા આહારમાં નંબર એકમાં આકાશ છે.નંબર બેમાં વાયુ, અને નંબર ત્રણમાં સુર્યકિરણ, પછી ચોથા નંબરમાં પાણી. વધારેમાં વધારે આકાશ-સેવન ઉપરાંત ચિતની પ્રસન્નતા એ ઉતમ આહાર છે.

**(- વિનોબા ભાવે)**


**ડો. ભાવેશ કે.મહેતા**
**મો.૯૪૨૬૨૮૭૯૦૮, mail drbkmehtaarmo@gmail.com**


# સમજણ એ જ નારાયણ

**'શબ્દને છે અર્થને પણ એક નિશ્વત તળ મળે, નાદ મૂળમાં મંત્રવત ૐકારની અંદર જજે'**
**– વિનોદગાંધી**

અગાઉ પણ ઘણી વખત લખ્યું છે. અને આ જ વાતને હજુ આગળ શહેરાવતાં લખીશ કે અમરેલી જિલ્લા અને આ શહેર ઉપર માતા સરસ્વતીનાં કાયમ સવિશેષ આશીર્વાદ રહયાં છે. વિદ્યા અને જ્ઞાનની દેવીમાં શારદાની આ વિસ્તાર ઉપર કાયમ મહેર રહી છે ! કવિ કાન્ત, કલાપી, કવિ હંસ, રમેશ પારેખ, મેઘાણીજી, દુલા ભાયા કાગ જેવા સમર્થ સર્જકોથી શોભતી આ જિલ્લાની સમગ્ર ધરી ઉપર સાહિત્ય કાયમ લીલુંછમ, તરોતાજા રહીને પાંગરતું રહયું છે !! અહિંયા જે કાંઈ રોપવામાં આવ્યું છે. તે સવાયું થઈને ઉગ્યું છે. લહેરાયું છે !!



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી.)**
**મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી**

કવિ હર્ષદ ચંદારાણા, લાલજી કાનપરીયા, અરવીંદ ભટ્ટ, શીવજી રૂખડા, દિલીપ વ્યાસ જેવા અનેક સમર્થ કવિઓ, સર્જકોએ અમરેલીનાં કાવ્ય ઘરાનાને, પરંપરાને નવી ઉંચાઈઓ આપી છે. તો હરજીવન દાફડા, સ્નેહી પરમાર, પ્રણવ પંડયા, હેમાળવી, કેતન કાનપરીયા, જેવા અનેક કવિઓએ આ ક્ષેત્રમાં પોતાનાં વિશેષ પ્રદાનથી નવી દિશાઓ, કેડીઓ કંડારી છે. આ સમૃદ્ધ, દિવ્ય અને ભવ્ય પરંપરાને આગળ ધપાવવામાં કવિ મુકેશ દવે,મુકેશ જોગી, પંકજ ચૌહાણ, ગોપાલ ધકાણ, ધર્મેશ ઉનાગર, હાર્દિક વ્યાસ, પ્રકાશ મકવાણા જેવા અનેક કવિઓ, સર્જકોએ પણ તેમનું બહુમૂલ્ય પ્રદાન આપ્યું છે. આ સૌ વ્યકિત વિશેયો જે ગુજરાતી ભાષાનાં ઉજજવળ ભવિષ્યનાં પથદર્શકો પ્રતિનિધિઓ છે.

અમરેલીમાં સાહિત્ય અને કાવ્યક્ષેત્રમાં કાર્યરત અનેક સંસ્થાઓ, તથા વ્યકિત વિશેષ સૌ પોતાનું કર્મ પુરી જહેમત અને મહેનતથી કરે છે. જેનાં ફળસ્વરૂપે, એક વિશેષ માહોલ રચી શકાય છે. સાહિત્યનાં પ્રચાર-પ્રસાર માટે જેઓ કાયમ તલપાપડ, તત્પર અને તૈયાર જ રહયાં છે. એવા થોડા વધુ નામ જોઈએ તો પુ.મનુદાદા, ઉમેશભાઈ જોષી, વાસુદેવભાઈ સોઢા, પરેશભાઈ મહેતા, કેતનભાઈ જોશી, ઉદયભાઈ દેસાઈ, છેલભાઈ વ્યાસ ડો.વિનોદ રાવલ સાહેબ, બાલકીશનભાઈ જોગી, કનુભાઈ ''કનવર'' રોહિતભાઈ જીવાણીથી લઈને અર્જુન ગઢીયા, ડો.ધ્રુવ મહેતા, જેવા અનેક અનેક નામો ઉમેરી શકાય, જે કોઈ પણ બેઠકની શોભા અને ગરિમા વધારવા સંપુર્ણ સક્ષમ છે. આવા અનેક અનેક લખાયેલાં કે રહી ગયેલા નામોથી અમારો વિસ્તાર હર્યોભર્યો છે. રહેશે !! સૌને સન્નેહ પ્રણામ...

**નવનીત :**

'' બુઝાયા જેમ એમ વધુ ઝળહળી ઉઠયાં, એક અસ્તની સાથે જ ઉદયમાં હતાં – છીએ''

– વિસ્મય લુહાર

# ઈન્ડોનેશિયા પણ ભારતીયો માટે વિઝા ફ્રી દેશ બનશે

## ટુરિઝમને પ્રોત્સાહન આપવા થાઈલેન્ડ, મલેશિયા, શ્રી લંકાની જેમ ઈન્ડોનેશિયા પણ મેદાનમાં, ટૂંક સમયમાં જાહેરાત...

**પ્રતાપ ખુમાણ**
**(સાવરકુંડલા)**

ટુરિઝમને પ્રોત્સાહન આપવા થાઈલેન્ડ, મલેશિયા, શ્રીલંકાની જેમ ઈન્ડોનેશિયામાં પણ મેદાનમાં ઉતર્યુ છે. આગામી સમયમાં ઈન્ડોનેશિયા પણ ભારતીયો માટે વિઝા ફ્રી દેશ બની શકે. ભારત સહિતના દેશોને તેઓ વિઝા ફ્રી એન્ટ્રી આપવા તૈયાર છે. ઈન્ડોનેશિયા તો ૨૦ દેશોનું લિસ્ટ બનાવી રહયું છે જેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. દુનિયા ઘુમવા માંગતા લોકો માટે આ બહુ સારી તક છે.


એશિયાના દેશોમાં ભારતીય ટુરિસ્ટ્સને આકર્ષવા માટે એટલી બધી હરિફાઈ શરૂ થઈ છે કે એક પછી એક દેશો ભારતીયોને વિઝા ફ્રી એન્ટ્રી આપવાની જાહેરાત કરી રહયા છે. શ્રીલંકા, થાઈલેન્ડ અને મલેશિયા પછી ઈન્ડોનેશિયા પણ ભારતીયોને વગર વિઝાએ એન્ટ્રી આપવા વિચારી રહયું છે. આ ઉપરાંત બીજા ૨૦ દેશોના નાગરિકોને પણ ઈન્ડોનેશિયામાં વિઝા ફ્રી એન્ટ્રી મળે તેવી શકયતા છે. આ માટે ફાઈનલ જાહેરાત એક મહિનામાં કરવામાં આવશે. હાલમાં ઈન્ડોનેશિયા કયા દેશોના ટુરિસ્ટરને વિઝા વગર મંજુરી આપવી તેના અંગે વિચારે છે. બાલી અને બીજા ટાપુઓ હોટ ફેવરિટ ડેસ્ટીનેશન ઈન્ડોનેશિયાના બાલી અને બીજા ટાપુઓ પર ભારત સહિત આખી દુનિયાના પ્રવાસીઓ આવતા હોય છે અને ટુરિઝમની આવકમાં મોટું યોગદાન આપે છે. શ્રીલંકા, થાઈલેન્ડ, મલેશિયાએ કેટલાક દેશોને વિઝા ફ્રી એન્ટ્રી આપવાની જાહેરાત કરી ત્યાર પછી ઈન્ડોનેશિયા પાસે પણ કોઈ વિકલ્પ રહયો નથી. ઈન્ડોનેશિયા જે દેશોને વિઝા ફ્રી એન્ટ્રી આપવા વિચારે છે તેમાં ભારત, અમેરિકા, ચીન, ઓસ્ટ્રેલિયા, સાઉથ કોરિયા, જર્મની, બ્રિટન અને ફ્રાન્સનો સમાવેશ થઈ શકે છે. આ દેશોના ટુરિસ્ટ ઈન્ડોનેશિયાની આવકમાં મોટો વધારો કરી શકે છે.

# રામ લખન સિય યાન ચઢિ, શંભુચરણ શિર નાય ।

## અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

કયાં બનાઓગી ? '' મે કહયું, ''આપ જો કહો સો.'' રોજ સાંજે શાકભાજી લાવતા હોવાથી શાક તો કાંઈ હતું નહી. તો કહયું, ''રોટી બનાવ, મૈં ગુડ રોટી ખા લુંગા.'' હું ગાડી પાસે જતી હતી તો પુછયું, 'કહાં જા રહી હો ?'' મેં કહયું, 'ભગવાના સામાન ગાડીમેં રખ દિયા હૈ વહ લેને જાતી હૂ.'' તો કહયુ, 'ઠહરો બાહર કોઈ ચીજ નહી હૈ?'' મેં કહયું, સિગડી કે સિવા સબ સામાન રખ દિયા હૈ.'' ચલો મેં રસોડેમેં ચલતા હું સિગડી જલાવ ઔ ગાડીમે સે સિર્ફ આટા લે આવ.'' બહાર એક તપેલાનું ઢાંકણ હતું તેમાં જ લોટ બાંધવા કહયું. પછી એ જ છીબુ સાફ કરી સગડી પર મુકી અને હાથથી રોટલી બાંધવા કહયું. પી એ જ છીબુ સાફ કરી સગડી પર મુકી અને હાથથી રોટલી બનાવી છીબા પર સેકી ગોળ , રોટલી જમતાં જમતાં મને કહયું, 'અચ્છા રમા કભી જંગલમે અપને પાસ એક ભી વર્તન ન હો ઔર મેં તુમસે રોટી, સાગ બનાનેકો કહયુ તો તુમ કયાં કરોગી ?'' હું તો વિચારમાં પડી ગઈ. આગળ કહયું, 'દેખો, જંગલમેં સે કોઈ અચ્છા પથ્થર ઢુંઢ કર ઉસે ધોકર ઉસ પર આટા બનાના. જંગલમેંસે લકડી, કંડે ઈકઠા કર જલા લેના ઔર હાથસે ટિકકડ બનાકર ચારો ઓર સેકને રખ દેના આલુ બેંગન જો અપને પાસ હો ઉસે ભી ધોકર આગીા પર સેકનેકો રખ દેના. બસ ફિર નમક ડાલકર હો ગયા.'' અંદરનાં રસોડામાં કોલસાની બોરી વિગેરે રાખેલું તે સાફ કરતી હતી. ભગવાને અંદર આવી કહયું, 'કયાં કર રહી હો ?'' મને સફાઈ કરતાં જોઈ કહયું, ''અચ્છા હુઆ મૈં કહનેહીવાલા થા કિ સબ વ્યવસ્થિત સાફ કર દેના. હંમેશા ધ્યાનમે રખાના, કભી ભી કહીસેં ભી નિકલતે સમય સફાઈ કરકે હી જાના ચાહિયે.''

દેખાસથી ઉજ્જૈન આવ્યા. સાથે ઈંદોરવાળા ભાઈઓની ગાડી પણ હતી. બધાની ઈચ્છાથી થોડે દુર ''ઉજજડ ખેડાનાં હનુમાનજી'નાં દર્શને ગયા. ઈંદોરથી આવેલા લાડુનો ભોગ હનુમાનજીને લગાડી ભગવાને પ્રસાદ વહેચ્યો. શ્રી હનુમાન ચાલીસા તથા બાહુકનો પાઠ કરી એકાદ કલાક રોકાઈ ઈંદોરવાળા ભાઈઓને વિદાય આપી ત્યાંથી આગળ જવા રવાના થયા. આગળ જતા રાત્રે નવ વાગ્યે ગાડીમાં પંકચર થતાં સડક પર એક પથ્થર પર ભગવાન બિરાજયા અને બોલ્યા, ''લાવ રમા મુઝે ભુખ લગી હૈ.'' એમ કહી પ્રસાદીનાં લાડુ માંગ્યા અને કહયું, 'હમ તો ચુરમાકા લાડુ ખાએગે'' ત્રણ લાડુ ઉપર ઉપરથી ખાઈને વચ્ચેનો ભાગ મને આપતાં કહયું, 'લો યે પ્રસાદી, રમા યહ દિન તુમ્હે યાદ.

રામદ્રરકા હિત નેમચત,
લગે કરન નરનારિ ।

રહેગા ?' મે કહયું, 'જી હાં'' તો કહયું, કૈસે યાદ રખોગી ?'' હું કાંઈ બોલું તે પહેલા કહયું, ''દેખો મૈ બતાતા હું સંક્રાતિકી રાત હૈ, રાતકે નવ બજે હૈ. નૈનબાસ ગાંવ હૈ, ગાડીમેં પંકચર હુઆ હૈ, નન્નુ મહારાજ ઔર ગુટ્ટજી પંકચર ઠીક કર રહે હૈ ઔર હમ દોનો લડુ ખા રહે હૈ. બોલો યાદ રહેગા ના ?'' થોડીવારે પંકચર ઠીક થઈ જતાં ત્યાંથી આગળ જવા રવાના થયા.

અનંતપુર પહોંચ્યા, ત્યાંથી ટ્રેન દ્વારા કોટા આવ્યા. હવે તો હું, ભગવાન અને સુરેશ એમ ત્રણ જણાં હતા. કોટા રીટાયરીંગ રૂમમાં રાત રોકાયા. ભગવાને કહયું, 'ભૂખ લગી હૈ કયાં બનાઓગી ?'' શાકભાજી તો કાંઈ હતા નહી. મેં કહયું, ''આપ જો કહો.'' સાથે થેલીમાં થોડા મરચાં હતા તેથી કહયું, ''પરોઠા બના દો ઔર મિરચી તલ દો.'' જમીને ભગવાન સુઈ ગયા. સવારે સુરેશ મને બસમાં બેસાડવા આવ્યો. હું જયપુર માટે રવાના થઈ અને ભગવાન અમદાવાદા પધાર્યા.

(૫૫)

રામકૃપા આપનિ જડતાઈ

ભગવાન કચ્છમાં નારાયણ સરોવર પધારવાનાં હતા. પાકિસ્તાન સાથેનો યુદ્ધનો સમય હોવાથી ભારતની રક્ષા નિમિતે બોર્ડર પર દિશા બંધનનાં હેતુથી ગયેલા. મારી પાસે એડ્રેસન હોવાથી પત્ર કયાં લખું ? ભગવાનના પત્રની જ રાહ જોતી હતી. લગભગ દર પંદર દિવસે પત્ર આવતો હોવાથી એક મહિનાથી વધુ દિવસો થઈ જતાં ધીરજ ન રહે તે સ્વાભાવિક હતું.

મોટા ભાગે તબિયત વિષે ચિંતા થવા લાગતી. છેવટો અનંતપુર પત્ર લખ્યો. તેમાં જે કાંઈ વિચારો હતા તે જણાવ્યા. લાંબા સમયથી પત્ર ન આવવાથી મન અનેક સંકલ્પ વિકલ્પ કરતું હતું. મે લખ્યું, ભગવાન યહ સત્ય હૈ કિ મૈં સેવા નહી જાનતી. ઉસમે ભી જીવનમે પ્રથમ બાર અકેલે સેવા કરને કા અવસર મિલા થા. મેં જાનતી હૂં ઈસ કારણ આપકો અવશ્ય મુઝસે અસંતોષ રહા હોગા ઔર હો સકતા હૈ કિ મુઝસે નારાજ હો. જભી તો ઈતને લંબે

રામ લખન સિય રૂપ
નિહારી, કહહિ સપ્રેમ ગ્રામ નરનારી ।

સમય સે કોઈ પત્ર નહીં દિયા. ઈસ તરહ ધીરે ધીરે કરતે આપ છોડ દેંગે તો ફિર મૈં કયાં કરૂંગી ? મૈં તો અભી છોટી હું કયાં આપ મેરી ગલ્તિયોંકો ક્ષમા નહી કરેંગે ? આપકી તબિયતકે બારેમેં ભી હંમેશા ચિન્તા બની રહતી હૈ. આપ જો ચાહે સો કરના પર છોડ નહી દેના.

જો કરણી સમજો પ્રભુ
મોરી, નહીં નિસ્તાર કલ્પશત કોરી.

જન અવગુણ પ્રભુ માન ન
કાઉ, દીનબંધુ અતિ મૃદુલ સુભાઉ.

મૈ જનતી હૂં કિ સેવક પર આપકો અધિક મમતા યા પ્રેમ રહે યહ સ્વાભાવિક હૈ, ઈસીલિયે જિસકી સેવાસે આપકો સંતોષ મિલતાા હૈ ઉન લોગોંકો સદૈવ સાથ રખના સહજ હૈ ઔર યહ ગુણ મુઝમેં હૈ નહી. ઈસી કારણ મેં સાથ મેં નહી રહ પાતી હૂં. વારંવાર મારી ન્યુનતાનાં વિચાર આવતા. મનમાં એક જ ડર રહેતો હોવાથી લખાઈ જતું કે, 'ભગવાન જૈસી ભી હું આપકી હું આપ મુઝે નહી દેના.''

કપટી કુટિલ મોહિ પ્રભુ
ચીન્હા, તાતે નાથ સંગ નહિં લીન્હા.

ભગવાન નારાયણ સરોવર પછી ફરતાં ફરતાં વૃંદાવન થઈ જયપુર પધાર્યા. તે પહેલા મારો પત્ર મળી ગયો હશે તેનો પ્રત્યુતર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ
પ્રિય મેરી રમા સાદર આસીસ

(૧) મૈં તુમકો છોડના ચાહતા હૂં યહ તુમારા નિતાન્ત ભ્રમ હૈ ઔર બાલક જૈસે વિચાર હૈ. મેરી ધારણા પકકી હૈ કિ તુમ મેરી હો. રહોગી ઔર થી.

(૨) દેવાસમેં મુઝે તુમસે પુર્ણ સંતોષ રહા. યહ મેરા મન બરાબર સ્મરણ કરતા રહતા હૈ. યદિ તુમકો વિશ્વાસ ન હો તો મેરે પાસ સિવાય મનકે ઓર પુરાવા નહી હૈ.

(૩) વૈસે તુમ જો ચાહે કહો પર મુઝે યહ કલંક ન દો કિ મૈં તુમસે સ્નેહ નહીં કરતા યા છોડના ચાહતા હું.

(૪) કેવલ પત્ર ન દેને સે તુમને અપને મનકો દુઃખકી પરાકાષ્ટા પર પહુંચા દિયા યહ સમજ ન સકી કિ મૈં તુમકો કિતનાં ચાહતાં હૂં

(૫) તુમકો યહં બિલ્કુલ જમ ગયા હૈ કિ મૈં ઔરો કો સાથ....

રામચંદ્ર પતિ સો વૈદ્રહી,
મહિ સોચત ચિચિ વામ ન કેહી ।

રખતા હું ઔર ઉનસે પ્રેમ કતા હું યહ સરાસર જુઠ હૈ તુમ જો દેખતી હો વહ કેવલ હઠકા પરિણામ હૈ. યદિ ઈસ પ્રકાર તુમ કરો ઔર ઉલઝન પૈદા કરો તો તુમ ભી ચલો ઔર ખુબ રાગ દ્રેષ ઈર્ષામે જલો. મુઝે કુછ નહી કહના હૈ.

પત્ર વાંચી ખુબ જ ગદગદ થઈ ગઈ. આવા દયાળુ દોવ બીજા કોણ હોઈ શકે ?

દીનકો દયાલુ દાની દુસરો
ન કોઈ

ભગવાન સીધા ગલતાજી પધારેલા સાથે એક બહેન તથા ભાઈ હતા. તે ભાઈ ભગવાનની ગાડી લઈ રાત્રે ઘેર આવ્યા. તે દિવસોમાં જયારે પણ કોઈ રાત્રે ભજન ગાતા રડતી ત્યારે બીજા દિવસે ચોકકસ ભગવાન પધારતા અથવા મને બોલાવવાનાં ખબર આવતાં તે પ્રમાણે આજે રાહ જોતી જ હતી. રાત્રે અચાનક તે ભાઈને જોઈને ખુબ જ ખુશ થઈ. તેઓની સોથ ગાડીમાં ગલતાજી ગઈ. ભગવાન આરામ કરી રહયા હતા. સવારે દર્શન થતાં મને પુછયું, 'પત્ર મિલ ગયા ?'' પછી જણાવ્યું કે, ''નારાયણ સરોવરસે તુમ્હે દો પત્ર લિખે થે, પોસ્ટ કરનેકે થે, મેરે ગરમ કોટકી જેબમેં રખે થે તો એક દિન ટાંગેમે વહ કોટ રહ ગયા. ઉસમે વહ પત્ર ભી ગયે. ઈસીલિયે તુમ્હે પત્ર નહી મિલે.'' થોડીવાર રોકાયા બાદ ભગવાન આગળ જવા નીકળ ી ગયા.

(૫૬) રઘુપતિ કૃપા મર્મ સબ પાવા

દેવાસથી છુટા પડતી વખતે સાગર નેત્રયજ્ઞમાં આવવાની મને ના કહેલી. ત્યારે મેં કહેલું, 'ભગવાન નેત્રયજ્ઞમેં તો સબ કોઈ આતે હૈ ફિર આપ મુઝે ાકયોં મના કરતે હો ?'' તો કહેલું, 'ઉન લોગોંકો અચ્છા નહીં લગેગા. કિયોકિ અભી તુમ મેરે સાથ એકાંતમેં થી ના ?'' તે સાંભળી મને દુઃખ થયું, મેં કહયું, 'ભલે ભગવાન આપ ના કહતે હો તો મેં નહી આઉંગી. પરંતુ આપને મુઝે જો કારણ બતાય. ઉસસે **(૧૮૫)**

**(ક્રમશ)**

---

# સાવચેતીથી શોધજો

## અનુભૂતિનાં અક્ષરો



- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

આપણા અમૂલ્ય જીવનમાં એક સંબંધ એવો છે કે જેની પસંદગી કરવાનો અધિકાર ઈશ્વરે આપણને આપ્યો છે. બાકી દરેક સંબંધ આપણા જન્મની સાથે આપણને મળે છે. એના માટે આપણી પાસે કોઈ ચોઈસ કે કોઈ પસંદગી નથી હોતી. આપણા માતા-પિતા આપણા સંબંધીઓ વગેરે. પરંતુ મૈત્રી કે મિત્રતાનો સંબંધ જે આપણે પસંદ કરીને બનાવી શકીએ છીએ ત્યારે આ એક સબંધ આપણા જીવનની અમૂલ્ય મૂડી છે. તો એને શોધવામાં સાવચેતી ચોક્કસ રાખવી.

કારણ કે, આપણી એક જૂની કહેવત છે કે 'સોબત તેવી અસર'. એટલે કે આપણે જે કંઈ બન્યા તેની પાછળ આપણી સોબત કે સંગતનો અમૂલ્ય ફાળો હોય છે. એટલે જ તમારી સંગતનું જીવનમાં ખૂબ મહત્વ છે. આપણાં મિત્રો, આસપાસના લોકો અને તેમના વિચારો આપણને કયાંકને કયાંક સ્પર્શે છે. અને તેના પ્રભાવ હેઠળ આપણા વિચારો ઘડાય છે. તેથી જે સંબંધોની સંગત કુદરતે આપી છે એ તો રહેવાનાજ. પણ જે સંબંધો આપણે બનાવીએ છીએ એમાં ખૂબ કાળજી રાખવી પડે. એવો એક સંબંધ એટલે આ મિત્રતાનો સંબંધ. જે ખરેખર દિલની ખૂબ નજીક હોય. અને મોટાભાગે સમાન વિચાર ધરાવતા લોકો જ મિત્ર હોય. ત્યારે મિત્રો આપણા જીવનની દિશાને ચમકાવવા પ્રેરિત કરનાર હોય તો જીવન ઝળહળ ી ઊઠે. આપણા જીવનમાં બાળપણથી જ આપણી આસપાસની વ્યકિત, વસ્તુ, વ્યવહાર કે પરિસ્થિતિ ઘણો બધો ભાગ ભજવે છે. 'બાળપણથી લઈને પરિપકવ થઈએ ત્યાં સુધી આપણે જોયેલા કે અનુભવેલા જુદા જુદા અભાવ, સ્વભાવ કે પ્રભાવોની અસર થતી ઉપજેલું પરિણામ એટલે આપણું વ્યક્તિત્વ'. જેમાંની ઘણી સંગત આપણને આપમેળે મળી હોય છે. અને ઘણી આપણે આપણી પસંદગીથી કરીએ છીએ.

ત્યારે બાળક હોય કે પુખ્ત જે સંગત આપણી પસંદગીથી કરવાની છે. તે કરતાં પહેલાં તમારે કેવી વ્યકિત બનવું છે? એ વિચારીને એ પ્રકારની સંગતકરવી જેથી તમારો વ્યક્તિત્વ વિકાસ યોગ્ય દિશામાં આગળ વધે. જોકે એક વાત એ પણ સાચી છે કે રહીએ ગમે તેની સાથે તેના ગુણ લેવાય અવગુણ નહીં. પણ તેમ છતાં તમે જેમની સંગતમાં હો તેના વિચારોની અસર તમારા પર પડ્યા વગર રહેતી નથી જ. અને એ અસર જો નેગેટિવ હોય તો પછી પેલી કહેવત જેવું થાય, 'લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં પણ માંદો થાય'. માટે હંમેશા સંગતનો ખ્યાલ રાખો.

તમારા ખૂબ નજીકના એવા પાંચ સંબંધ કે સંગતના લોકોને તપાસી લેવા. તેના વિચારોને ચકાસી લેવા કે એમની સંગતથી તમારા જીવનમાં જો કોઈ હકારાત્મક બદલાવ થયો છે તો તે સંગત યોગ્ય છે. પરંતુ જો તેની નકારાત્મક અસર આપણા વાણી, વર્તન કે વ્યવહારમાં ક્યાંય સહેજ પણ વર્તાય તો એવી સંગતથી બને એટલું વહેલી તકે દૂર થઈ જવું.

વળી જો સારા લોકોના સંગમાં રહેવાથી તમે કંઈ પણ નહીં કરો છતાં એક સારૂં વ્યકિતત્વ બની શકશો. અને ખરાબનો સંગ કરવાથી કંઈ પણ કર્યા વગર તમે તમારી અધોગતિ આપમેળે ઊભી કરશો. તમે કેવા છો ? કેવા બનશો કે કેવા રહેશો? એ મોટાભાગે તમારી સંગતથી નક્કી થતું હોય છે. 'સંગ એવો રંગ' લાગ્યા વગર રહેતો નથી.

લોખંડને પારસમણિનો સ્પર્શ થાય તો સોનું બની જાય, પણ એજ લોખંડને પાણીનો સ્પર્શ થાય તોકાટ પણ લાગે. આવા તો કેટકેટલાય ઉદાહરણો છે આપણી આસપાસ કે જેણે સારી સંગત થકી પોતાનું જીવન સુધારી લીધું હોય. એટલે જેનો રંગ આપણને લાગવાનો જ છે એ આપણને ખબર છે તો પછી સંગ એવો કરીએ કે એનો રંગ લાગ્યા પછી છૂટે નહીં અને એ સ્પર્શ આપણને પારસમણિની જેમ લોખંડમાંથી સોનું બનવા તરફ ગતિ કરાવે. તો એવા પારસમણિ સમાન લોકોની સોબત કરવાથી આપણને પણ એમની તેજસ્વીતાની અસર થઈને સારા વ્યકિત તરીકે જીવનને સાર્થક બનાવી શકાય.

જોકે આવા મિત્ર મળવા કે શોધવા અઘરૂં છે પણ અશકય નથી. પણ લાયક બનવું હોય તો એ કરવું પડે. અને પ્રયત્ન તો લાયક થવાજ કરવા પડે. બાકી તો એમનેમ થઈ જવાય.

વળી આ મિત્રતાનો સંબંધ એટલે માત્ર સાથે જલસા કરવા, ટાઈમપાસ કરવો, કે મોજમજા કરવી એ જ નહીં. મિત્ર એ નથી જે તમારી દરેક વાતમાં હામી ભરે, તમને સાઢં લગાડે. પણ ખરો મિત્ર તો એ છે કે, જે તમને ખોટા રસ્તે જાતા હકથી રોકે, ટોકે કે ખરા હૃદયથી તમાઢં ભલું ચાહે. મુશ્કેલીના સમયમાં તમારો હોંકારો બને. 'મિત્ર એવો શોધીયે જે ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે પણ દુઃખમાં આગળ હોય.'

ત્યારે આજે આપણે સે ખૂબ અલગ વિમાં જીવીએ છીએ. આજે વર્ચ્યુઅલ વિશ્વમાં આપણી પાસે ફોનના કોન્ટેકમાં કદાચ ૧૦૦૦, ૨૦૦૦ કે ૫,૦૦૦ થી વધુ કોન્ટેકટ હશે. પણ એમાંથી ખરા મિત્ર કેટલા ? એ કહેવું બહુ મુશ્કેલ છે. ત્યારે આ મૈત્રીના સંબંધ ભલે ઓછા હોય પણ જે હોય તે ખરા હૃદયના હોય એ ખૂબ જરૂરી છે. જેની પાસે તમે મન મોકળ ું કરી શકો. મુકત મને તેની પાસે ખુલી ને ખીલી શકો.

કારણ કે, દોસ્ત આ દોસ્તી એક એવો સંબંધ છે ને જયાં ભારેખમ બનેલો માણસ હળવો ફૂલ થઈ જાય છે. અને જેની પાસે આવા દોસ્ત હોય છે. અને જેના હૃદયના ખૂણા આવા દોસ્તોએ રોકેલા હોય એને લગભગ હૃદયની બીમારી થતી નથી. જેનું હૃદય આવા દોસ્ત પાસે ખુલે છે ને એને ડોકટર પાસે ખોલાવવું પડતું નથી. માટે અનમોલ સબંધ જેને આપણી પસંદગી મુજબ આપણે શોધી શકીએ છીએ ત્યારે એ આપણી જવાબદારી છે કે એવો આ સંબંધ આપણે ખૂબ સાવચેતી રાખીને શોધીએ. જે જીવનભર હૃદયમાં સચવાઈ જાય અને આપણા જીવનને ઉન્નતિ તરફ લઈ જાય. એકમેકની હામ બને.

અને આ મિત્ર બનાવવા એ માત્ર બાળક માટેજ નથી. આજકાલ તો હવે વર્ચ્યુઅલ વિશ્વમાં આપણે મોટાને પણ જુદા જુદા માધ્યમો દ્વારા અનેક મિત્રો બનતા હોય છે. ત્યારે એ વિશાળ વર્તુળ માંથી સાચા સંબંધને શોધવો હોય તો સાવચેતી તો રાખવી જ પડે.

એ પછી દીકરો હોય કે દીકરી, યુવાન હોય કે વૃદ્ધ, સ્ત્રીહોય કે પુઢષ પણ આ મિત્રતા જેવો અનમોલ સંબંધ કે અનમોલ મૂડી મેળવતા પહેલા સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. કારણ કે આજ વિશાળ વર્તુળમાં મુખોટા પહેરેલ મિત્રો પણ મળી શકે છે.

તો ચેતીને ચાલજો.

---

# કચ્છની આગવી ઓળખ એટલે કચ્છનું જગવિખ્યાત 'કચ્છી ભરતકામ'

: લેખ :
દીપિકા પ્રકાશ સોની
(ધડુલી)

ગુજરાત રાજય તેના ભવ્ય અને ભાતીગળ હસ્તકલા કસબના વારસા માટે વિશ્વ વિખ્યાત છે. મન મોહિક કલા એટલે કચ્છી ભરતકામ, 'ભર્યા ભર્યા તારલા છો અંબરમાં.. મેં તો ચડયા આભલા વસ્ત્રમાં' પરંપરાગત સચ અને કચ્છની માતા બહેનો સોઈને દોરા વડે કાપડ પર પોતાની આંગળ ીઓનો જાદુ ચલાવે છે. ત્યારે સર્જાયો છે એવો વસ્ત્ર શણગાર ત્યારે દુનિયા કચ્છી ભરતકામ તરીકે ઓળખાય છે. કાપડ પણ રંગીન દોરાથી વિવિધ આકૃતિઓ ગુથીને આભલા મોતી સ્ટોન ટીલડી શણગારવાની આ ભરત કળા આશરે ૪૦૦ વર્ષ પહેલાં કચ્છમાં આવી હોવાનું મનાય છે.



સુતરાઓ મશરૂમ સીલ કે સાટીન કાપડ અને સુતર કે સિલ્ક ના દોરાથી ભરત કામ કરવામાં આવે છે. પરંપરાથી માતા, દાદી, નાની દ્વારા દીકરીઓને વારસામાં શીખવાડવામાં આવે છે. કચ્છમાં જુદા જુદા વિસ્તારોમાં અને ગામડાઓમાં થતા ભરતમાં અનેક શૈલી ગણવામાં આવે છે. રબારી આહીર ભરવાડ જત મુખ્ય ગણાય છે. આહિર અને રબારી ભરતકામમાં આભલાનો વિશેષ ઉપયોગ થાય છે. દોરાના કલર ચડકતા અને આકર્ષક હોય છે તેમાં ખાસ કરીને કૃષ્ણ મોર પોપટ ફૂલની અવનવી ડિઝાઈનો જોવા મળે છે.

ગામડાના વિસ્તારોમાં લાડાના કપડાના શણગાર માટે ભરતનો ખૂબ જ ઉપયોગ થાય છે. અને બની વિસ્તારની ભરતની શૈલી બની ભરત તરીકે કહેવાય છે. ટ્રેડિશનલ નવરાત્રીથી લઈને ચણીયા ચોળી થી ઓઢણી, બેગ, કુર્તી, કુશન કવર, ભાતીગળ રંગો ભરે છે. જે હાથમાં માતૃત્વની હુંફ આપે છે. એ જ હાથથી કચ્છની હજારો બહેનો પોતાના પરિવાર માટે વધારાની આવક રડી રહી છે. ને એવી જ રીતે આ ખુશાલીનું માધ્યમ બન્યું તેમનું અદ્દ્ભુત ભરત કામ...


ગુજરાત રાજયના ભવ્ય અને ભાતીગળ હસ્તકલાના કસબના વારસાને જીવંત રાખવા ગુજરાત સરકારના કુટીર અને ગ્રામ ઉદ્યોગ વિભાગના નેજા હેઠળ (INDEXT-C) ગરવી ગુજરાત સંસ્થા દ્વારા અનેક પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે

---

# ૧૫ જાન્યુઆરી, ''આર્મી દિવસ''

## હે ધન્ય જવાન યે અપને, હૈ ધન્ય હૈ ઉનકી જવાની

દર વર્ષે ૧૫ જાન્યુઆરીએ આર્મી દિવસ ઉજવવામાં આવે છે. તે પાછળનું કારણ એ છે કે ૧૯૪૯માં આ દિવસે, બ્રિટિશ લેફ્ટનન્ટ જનરલ કે.એમ. કારિઅપ્પા ભારતનાં છેલ્લા બ્રિટીશ કમાન્ડર- ઈન -ચીફ જનરલ ફ્રાન્સિસ બુચરની જગ્યાએ ભારતીય સેનાનાં કમાન્ડર-ઈન-ચીફ બન્યા હતા. કે.એમ. કારિઅપ્પા એવા પ્રથમ અધિકારી હતા કે જેને ફીલ્ડ માર્શલનું બિરૂદ આપવામાં આવ્યું હતું. તેમના યુદ્ધ કેશલ્ય અને વીરતાને જોઈને ભારત ઉપરાંત વિદેશોમાં પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે ૧૯૪૭ માં ભારત-પાક યુદ્ધમાં ભારતીય સેનાનું નેતૃત્વ કર્યુ હતું. ૨૮ જાન્યુઆરી, ૧૮૯૯માં કર્ણાટકના કુર્ગમાં શનિવર્સાંથિ નામના સ્થળે જન્મેલા ફીલ્ડ માર્શલ કરિઅપ્પાએ માત્ર ૨૦ વર્ષની વયે બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં નોકરી શરૂ કરી હતી. તેમના પિતા કોડંડેરા માડિકેરીમાં 'રેવેન્યુઓફિસર' હતા. કરિઅપ્પાને ત્રણ ભાઈ અને બે બહેનો હતી. પરિવારજનો નાનપણમાં તેમને પ્રેમથી 'ચિમ્મા' કહીને બોલાવતા હતા. તેમણે ૧૯૩૭માં મુથૂ મચિયા સાથે લગ્ન કર્યા. તેમને એક દીકરો અને એક દીકરી હતા. તેમનો દીકરો સી કરિઅપ્પા પણ ઈન્ડિયન એરફોર્સમાં ઓફિસર હતો. સી કરિઅપ્પાએ પોતાના પિતાની બાયોગ્રાફી પણ લખી હતી જેનું નામ 'ફીલ્ડ માર્શલ કે એમ કરિઅપ્પા' રાખ્યું હતું. કારિઅપ્પા વર્ષ ૧૯૫૩માં નિવૃત્ત થયા હતા અને ૧૯૯૩માં ૯૪ વર્ષની વયે અવસાન પામ્યા હતા. કારિઅપ્પા જેવા કેટકેટલા આર્મી ઓફિસર, કમાન્ડર, ચીફ વગેરે દેશ માટે, દેશવાસીઓ માટે રોજ રોજ મોતનો સામનો કરે છે અને નીડર રહીને મોતને ભેટે છે.



તેમના સન્માનમાં તેમનાં આદર સત્કારમાં દર વર્ષે આર્મી દિવસ ઉજવાય છે. લોકોએ દેશનાં રક્ષકો માટે જાગૃત થવું પડશે.


એ છે તો દેશ આબાદ છે અને એ સરહદ પર આપણી સુરક્ષા હેતુ છે તો આપણે પણ તેમનાં પરિવારનું પ્રયાન રાખવાની ફરજ બજાવવી જોઈએ. આ દિવસે ભારતીય સેનાનો આભાર માનીએ અને એમના સન્માનમાં થોડી ક્ષણોનું મેન જાળ વીએ.

**- હે ધન્ય જવાન યે અપને, હૈ ધન્ય હૈ ઉનકી જવાની**

**- મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

**આશાની દુર એક ટમટમની જયોત**

અડગ અડીખમ ઉભો છું - આંધી તો કાન વચ્ચે છે મારી પાસે પત્ર-પુષ્પો-કવિતાના પ્રેમ વચ્ચે

**વ્યકિતએ મનની હતાશા-નિરાશા દુર કરવા શું કરવું ?**

સંતો કહે છે કે (ડોકટરો) મોનોચિકિત્સકો કહે છે. પ્રેમસંબંધો, મૈત્રી, કુંટુંબ સારવાર બની શકે મારુ જીવન નિરર્થક છે, હું કાંઇ નથી એવું માનવાથી રોગો જન્મી શકે. જીવનનો અર્થ શોધવાની મથામણ કરવાથી, કશુંક કરવાની તીવ્ર ઝંખના જીજીવિષા માણસને જીવનબળ પુરુ પાડે છે. સાર્થક જીવનનું અમૃત આપણા હાથમાં છે. પ્રિય ભાઈઓ- બહેનો, આ સુંદર વસુંધરાની સુંદરતા ના હણાય... એક પ્રાર્થના છે : ''મંદિર તારું વિશ્વ રૂપાળુ'' કેટલીક વખત ખોટી ગેરસમજ અને ક્રોધના આવેશમાં બોલાયેલા શબ્દો ઘણાના જીવનને આગ લગાડી શકે છે. એક કહેવત છે : ''The word is mighter than the sword'' મતલબ કે શબ્દોની તાકાત તલવાર કરતા પણ વધુ શકિતશાળી છે. તલવારનો ઘા રૂઝાય જાય છે. શબ્દોના ઘા માંથી અવિરત આંસુ-વહેતા રહે છે. પણ શબ્દોને પાછા વાળી શકાય ? હા...! ખરા દિલથી સચ્ચાઈથી માફી માગવામાં આવે. ખરા હૃદયથી ક્ષમા આપવામાં આવે તો...! જીવનના રહસ્યની શોધમાં અહીં જગ્યા ખુબ ઓછી છે. પરંતુ, એક ઘટના અતિસંક્ષેપમાં લખી ઉપરોકત વાકયોને સમર્થન મળે તેવો પ્રયાસ કરું: - યાત્રાની સુપર એકસપ્રેસ ટ્રેન, રાત્રિના અંધકાર ચીરતી મંઝીલ તરફ જતી હતી. એક સ્વજન ઘણા સમયથી મારી વાતો સાંભળતા હતા તે હવે મારી નજીક બેસવા આવ્યા. ચહેરા ઉપર સમયના ઉઝરડા વેદનાના ખીલા કળ તા હોય તેવો ભાવ જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. મેં પૂછયું. ઘણા સમયે આપને જોયા... પણ આવી શૂન્ય મનોદશા કેમ થઈ ? શું બીમારી છે ? મારી સાથે સંબંધ હોવાથી મિત્રતાના દાવે હ્રદય ધીમે ધીમે વહેતુ થયું. ''જેને મારા જીવનમાં પ્રથમ પ્રેમનો દિપક પ્રગટાવ્યો. પ્રેમની પાંખો આપી. સ્નેહની આંખો આપી... ઝળહળતો સૂર્યોદય સમી સવારે જિંદગીમાં ઉજાસ પાર્થર્યો.... આનંદના આકાશમાં શંકાની કે બીજી કોઇ...(?) અજાણી વીજળી લપેટમાં લઇ જીવતો લાશ કરી નાખ્યો... બસ હવે કોઇ શબ્દો નથી...'' આંસુ...! પછી ઘણી ઘણી અથથી ઇતિ સુધીની કથા કહી...!

આશ્વાસન આપ્યું. વાત સાંભળી, આગળ વાત રહસ્ય જાણ્યુ. શ્રી મુનશીએ પોતાની આત્મકથામાં સ્વપ્ન સુંદરીની મિલન કથા કહી છે. આ મિત્રને પણ આવો જ સાક્ષાત સુંદરીનો પરિચય થયો ત્યારે બાલિકા સાવ ભોળી-નિર્દોષ હતી. પરંતુ જોતા જ શાશ્વત પ્રણયની સિમેન્ટ લાગી ગઈ. બાલિકાનો નિર્દોષ પ્રેમ, પારાવાર પ્રેમ પવિત્ર ગંગાનદી જેવો વહેતો થયો. સમયની સરીતા સાથે સ્નેહવૃષ્ટિ વધતી ગઈ. પત્રો દ્વારા દિલના પતાવી કુંવામાં સરવાણીઓ એટલી વહી કે આજે આ પત્રસંહિતા એક બેગ ભરી લોકરમાં મુકી છે. સમયાંતરે દિલના ઝખમને રૂઝવવા પત્રો, બુકસનું વાંચન જીવનના બાગને નવપલ્લવિત કરે છે. શબ્દોમાં જે લાગણી, પ્રેમ, વિશ્વાસની સુગંધ સતત મહેંકતી રહે છે. જીવનનું સાચુ ભાથુ આ પત્રો છે. જિંદગીની યાત્રામાં પ્રણયના મોર ટહુંકતા રહયા. જીવન જીવવાનું પ્રેરકબળ એવા આ લખાણો સત્યમ્ શિવમ્ સુંદરમ છે. પ્રેમ સત્ય છે, સુંદર છે, પ્રેમ અવિનાશી છે.

વચ્ચેથી વાતમાં મેં પૂછયુ - ભાઈ, આમા ખોટું શું છે ? દુઃખ કયાં છે ? બસ હવે એજ કહું છું.'' મારી જીવન નૌકા આશા, શ્રધ્ધા, વિશ્વાસના આવા અનુપત્રપ પ્રેમના સાગરમાં તરતી જતી હતી. પ્રવાસ ચાલુ હતો કશું જ દુઃખ ન હતુ. જયાં પ્રેમ છે ત્યાં કોઇ વેદના નથી.. પરંતુ એક દિવસ આવા નિર્દોષ, નિઃસ્વાર્થ પ્રેમના સંબંધમાં આકાશવાણીના શબ્દોએ...!

જે વ્યકિત આત્મસ્વરૂપ, પ્રિય અભિજા હતી તેણે અચાનક ફોન દ્વારા તિરસ્કારના શબ્દો કહયા. હજી કંઇ ખુલાસો પૂછુ કે શા માટે ? કેમ ? આગળ વાત સત્ય જાણવા કહુ તે પહેલા ફોન કટ કરી નાખ્યો... ખરેખર સત્ય શું છે ? શા માટે દ્વેષ, શા માટે નફરત ? કશું જ કહયું નહિ. પગ નીચેથી સરકી ગયેલ ધરતીના છેડે આજે ત્યાં જ ઉભો છું. અને ત્યાંથી વેદના ભરી સફળ શરૂ થઈ. તીવ્ર આક્રોશ અને આઘાતથી લખવાનું બંધ કર્યુ. કોના માટે લખવું ? ઉત્સાહ-આનંદ અને પ્રેરણાનો દિપક હોલવાઇ ગયો...!

આ ઘાવની કથા મેં સાંભળી, રાતના અંધકારમાં ટ્રેન તીવ્ર ગતિથી પ્રવાસના યાત્રાના સ્થળ તરફ જતી હતી. મેં પેલા ભાઈને ખુબ હેતથી કહયું... બસ આટલું જ ? દુઃખનું કારણ આ સિવાય ? મેં કહયું ભાઈ... તેં ધારી લીધેલું... સત્ય...સત્ય ન પણ હોય, પ્રેમ સૂર્ય છે. આકાશના વાદળા આડા આવે તો ઘડીક ન દેખાય... પણ પછી દેખાશે જરૂર... સુંદર જીવનને તમે અન્યાય ન કરો જે કંઇ ભૂલ હોય. ઈશ્વર પાસે પ્રાર્થના કરી ક્ષમા માંગો શ્રી કૃષ્ણમ્ શરમ્ ગચ્છામિ ! ઈર્ષ્યા, અદેખાઇ ખોટી શંકા વગેરે વાતો ટકશે નહિ. તેમના પત્રોમાં પ્રેમ શાશ્વત છે તે સત્ય છે. મને વાત કરવાથી તમને મુકિત મળી છે. સત્યપ્રેમ કરૂણામાં શ્રધ્ધા રાખી તમે તમારા જીવનને ફરી ગતિ આપો. ખરા જીવનનો ઉદ્દે્ શોધો. આશા ભવિષ્યને સુધારવા એક દવા છે. જીવનને ગતિ આપે છે. તમારો માર્ગ ઉજજવળ બનો. **(અપૂર્ણ)**

# ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા વૃધ્ધાશ્રમ ખાતે ગીતાજ્ઞાન આનંદોત્સવ યોજાયો



ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગિર દ્વારા વૃદ્ધાશ્રમમાં ગીતા જયંતિ આનંદોત્સવનુ આયોજન કરવામાં આવેલ. ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગિરના કો–ઓર્ડીનેટર વર્ષાબેન પરીખ દ્વારા ગુણવંત શાહની પુસ્તિકા 'ઘરે ઘરે ગીતામૃત' નો કૃષ્ણ ઉપદેશનો સંદેશ પહોચાડવા ઉદ્દેશથી વૃધાશ્રમમાં નિવાસી ભાઈઓ બહેનો માટે ગીતાજ્ઞાન આનંદોત્સવ માટે કાર્યક્રમ રાખેલ. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરેલ. આ કાર્યકર્મમાં વૃદ્ધાશ્રમ સંસ્થાના દાતા પૂજય કોકિલાબેન મહેતા ૯૦ વર્ષના જે ચીફ ગેસ્ટ હતા. પ્રથમ કોકીલાબેનનુ પુષ્પગુચ્છ અને ઘરે ઘરે ગીતામૃત પુસ્તિકાથી વર્ષાબહેન અને પ્રેસિડન્ટ નયનાબહેન આચાર્ય દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ શબ્દો થી સ્વાગત વર્ષાબહેન પરિખે કરેલ, અને ગીતા વિષે તથા ગુણવંત શાહના શબ્દોમાં કર્મજ્ઞાન વિશે કહેલ, ત્યારબાદ કોકિલાબેન મહેતાએ ગીતા સાર સમજાવેલ. ત્યારબાદ ટીવી પર ગીતાના વીડિયો બતાવેલ. ત્યારબાદ ઈનર વ્હીલનાં આઈ.એસ.ઓ. યોગિતાબેને જ્ઞાન યોગ વિષે સમજાવ્યું અને ભજન ગાયેલ ત્યારબાદ નિવાસી ભાઈઓ બહેનો પણ પાંચ મિનિટ સ્વેચ્છાએ જે સારું બોલ્યા તેમને પ્રથમ આવેલ નિવાસી નરેન્દ્રભાઈ મકાણી સાલ અને પુસ્તક ભેટ વર્ષાબહેન પરીખ દ્વારા આપવામાં આવેલ. અન્ય નિવાસી બહેનોએ પણ ગીતા વિષે સુંદર શૈલીમાં ગીતા વિષે પોતાના વિચાર રજુ કર્યા, બીજા અન્ય બહેનો ભજન, ગીતા કવિતા અને માં યમુનાજીનું સુંદર ગીત ગાયું. અને ત્યારબાદ ઈનર વ્હીલ કલબ નાં ડો. નીતાબેન સોની ૧૫ મો અધ્યાય શુદ્ધ ઉચ્ચારણ સાથે બધાએ પઠન કર્યો. છેલ્લે રામધૂન સાથે સત્સંગ પૂરો કરિયો અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં મીલીબેન ઠાકર તથા શિવાનીબેન પરીખની ઉમદા સેવા સહયોગ મળેલ છે અને પ્રેસિડન્ટ નયનાબહેન આચાર્યનો પૂરો સહયોગ મળેલ છે. આ કાર્યક્રમમાં ઈનરવ્હીલ બહેનોમા શિવાનીબેન, યોગિતાબેન, કલ્પનાબેન રૂપારેલ, ડો.નીતાબેન સોની, ઉષાબેન ગાંધી,વર્ષાબહેન જોષી, કલ્પનાબહેન જાની ઉપસ્થિત રહ્યા હતા.સાથે વૃદ્ધાશ્રમનાં ટ્રસ્ટી સ્નેહી રાજુભાઈ અને બિનાબેન પારેખનાં સહકારથી જ આ કાર્યક્રમ થયો. ત્યારબાદ વર્ષાબેન પરીખે સૌનો આભાર વ્યકત કર્યો. કોકિલાબેન મહેતાનો, રાજુભાઈ, બીનાબેન, સંસ્થાના મેનેજર ધિરેનભાઈ તથા ઓફિસ સ્ટાફ અને નિવાસી ભાઈઓ બહેનો અને ઈનરવ્હીલ બહેનોનો ઉપસ્થિત સૌએ અમૂલ્ય સમયનો ભોગ આપી તે બદલ આભાર માનવામાં આવ્યો. આ પ્રોજેકટનાં કો–ઓર્ડીનેટર વર્ષાબેન પરીખ દ્વારા તેના સ્વ.માતા પિતાની સ્મૃતિ યાદમા અને મા ગીતા પ્રસાદ ભોજન રાખવામાં આવેલ. મા ગીતાના આશીર્વાદથી આનંદોત્સવ પૂર્ણ થયો. એવું ઈનર કલબ ની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાની જનતા

પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવને લઈને જિલ્લામાંવિશ્વહિન્દુપરિષદનાંપહજાર કાર્યકરોઅને ૬૮સાધુ–સંતોએશ્રીરામ ભકતોનોસંપર્કકર્યોહતોઅનેઠેકઠેકાણે કળશ યાત્રાનું આસ્થાભેર આયોજન કરવામાંઆવ્યું હતું.

સ્વિશ્વહિન્દુ પરિષદ ધ્વારા જિલ્લાનાં ૨.૫૮ લાખથી વધુ ઘરોમાં અક્ષત રૂપી પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સમગ્ર જિલ્લાની જનતા ''શ્રી રામ''નાં રંગે રંગાઈ ચુકી છે. અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ ઈતેશ મહેતા, ઉપપ્રમુખ વિજય દેસા, રશ્વિન ત્રિવેદી તેમજ આ કાર્યનાં સહસંયોજક પ્રવિણભાઈ ભીમાણી તેમજ અશોકભાઈ તનવાણી સહિતનાં

પાના ૧ ઉપરનું ચાલું

## બાઢડા નજીક કાર હડફેટે

નં.જીજે–૧૪–એકયુ–૭૫૯૫ વાળુ લઈને બાઢડા ગામ પાસે આનંદ હોટલ પાસે આવેલ પેટ્રોલપંપમાંથી પેટ્રોલ પુરાવીને અને બહાર નીકળેલ હોય અને બાઢડા ગામ તરફ જતા હોય તે દરમ્યાન રોડ ઉપર સામેથી ફોરવ્હીલ વાહન નં. જીજે–૧૪ બીએ ૦૮૧૨ના ચાલક વેદાંશુ અમીતભાઈ દવે રહે. રાજુલાવાળાએ તેના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે રોંગસાઈડમાં ચલાવી વૃધ્ધના સ્કુટર સાથે ભટકાડી વૃધ્ધને ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવેલ હોય અને ચાલક પાસે ડ્રાઈવીંગ લાઈસન્સ ન હોવા છતા તેના પિતા અમીતભાઈ દવેએ પોતાનું ફોરવ્હીલ વાહન આરોપી વેદાંશુને ચલાવવા આપી ગુન્હો કર્યા અંગેની પિતા–પુત્ર સામે ફરિયાદ નોંધાઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૬૯ |
| ૨ | મગફળી | ૧૧૯૨ | ૧૩૧૮ |
| ૩ | ચણા | ૯૧૭ | ૧૦૪૩ |
| ૪ | ઘઉં | ૪૫૯ | ૫૭૧ |
| ૫ | સોયાબીન | ૮૩૬ | ૮૯૪ |
| ૬ | તુવેર | ૧૪૩૦ | ૧૬૯૦ |
| ૭ | અડદ | ૧૫૧૫ | ૧૬૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૨૮૪ |
| ૨ | શિંગ મોટી | ૯૨૦ | ૧૩૭૮ |
| ૩ | તલ સફેદ | ૧૮૧૫ | ૩૨૨૧ |
| ૪ | તલ કાળા | ૧૩૦૦ | ૩૧૪૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૭૯૫ | ૪૧૪૦ |
| ૬ | બાજરો | ૩૯૮ | ૪૯૯ |
| ૭ | જુવાર | ૮૪૦ | ૯૮૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૩ | ૬૩૬ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૨ |
| ૧૦ | ચણા | ૯૪૨ | ૧૦૮૮ |
| ૧૧ | તુવેર | ૧૩૫૦ | ૧૯૩૭ |
| ૧૨ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૧૩ | એરંડા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૧૪ | ધાણા | ૧૧૨૦ | ૧૨૫૫ |
| ૧૫ | સોયાબીન | ૮૮૯ | ૯૦૬ |
| ૧૬ | મરચા લાંબા | ૧૦૪૦ | ૩૩૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં મકરસંક્રાતિ પર્વનો

પક્ષીઓની સારવાર કરવી સેવાર્થ કરશે.

જોકે પતંગરસિયાઓએ પોતાનો આનંદ મેળવવાની સાથે નિર્દોષ પક્ષીઓને કોઈપણ રીતે નુકસાન ન થાય તેની કાળજી લેવી જોઈએ. આપણો આનંદ કોઈ માટે આક્રંદ ન બને તે જોવું રહેશે.

પાના ૮ ઉપરનું ચાલું

## મોટા આંકડીયામાં બીયરની

પ્રકાશભાઈ જ્ઞાનસિંહ બામનીયા નામના બે પરપ્રાંતિય શખ્સોએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબ્જામા BEER 500 એમ.એલ.ની રીંગપેક બીયર ટીન નંગ–૧૬ કુલ કિં.રૂા. ૧૯૨૦ નો પ્રોહી. મુદ્દામાલ રાખી મોટા આંકડીયા ગામે કુંકાવાવ રોડ ઉપરથી મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોધ

**ચિતલ :** ચિતલ નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ બિનાકા પાનવાળા આગેવાન વેપારી રજનીકાંત કાતીલાલ જોષીનાં ધર્મપત્નિ ભારતીબેન (ઉ.વ. ૫૪) તે નિલકંઠ (બોમ્બે) કિસન તથા માર્શલના માતૃશ્રી તેમજ નટવરલાલ (પડધરી)ના પુત્રવધુ તથા રાજેન્દ્રભાઈ (રાજકોટ)ના ભાભીનું આજરોજ તા. ૧૩/૧/૨૪ને શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું સોમવાર તા. ૧૫/૧/૨૪નાં રોજ બપોરે ૩ થી ૬ ચિતલ ખાતે આઝાદ ચોક, મોદી શેરમાં તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૧ | ૧૪૨૮ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૩૦૬ |
| ૩ | ઘઉં | ૫૫૪ | ૫૫૪ |
| ૪ | ચણા | ૮૫૦ | ૯૪૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૮૯૦ |
| ૪ | તલ કાળા | ૨૪૦૦ | ૨૯૦૦ |
| ૫ | કપાસ | ૧૨૩૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૨૦ | ૬૦૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૩૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૭૭ |
| ૯ | જુવાર | ૮૫૦ | ૯૫૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૫૬૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૦૨૨ |
| ૧૨ | સોયાબીન | ૮૨૫ | ૯૧૫ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૨૦૨૫ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૧૩ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | રાય/રાયડો | – | ૧૩૦૭ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં સંદિપ શાહ નામનાં

પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ના ઘટે તે અંગે જરૂરી સુચનાઓ અને ગુપ્તરાહે વોચ રાખવા જણાવવામાં આવેલ હોય. જે અનુસંધાને અમદાવાદ ગ્રામ્યમાં ચાંગોદર પોલીસ સ્ટેશન જાણવા જોગ નં. ૩/૨૦૨૪ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર–૧૪ તા. ૧૨/૧/૨૪ મુજબના કામે જાહેરાતમાં જાહેર કરનાર દ્વારા જાહેર કરેલ હોય કે પોતાના મોબાઈલ નંબર ૮૪૮૭૮ ૯૨૮૯૨ ઉપર એક અજાણ્યા વોટ્સઅપ મોબાઈલ નંબર ૯૪૦૮૦ ૬૪૯૪૭ માંથી મેસેજ કરેલ હોય કે 'સત્ય મેવ જય તે' ના અશોક સ્થંભનો લોગો તથા ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા અને તેના નીચે અમદાવાદમાં ૧૩ અને ૧૪ તારીખમા આતંકી હુમલા થવાનુ સામે આવ્યુ છે તો અમદાવાદ છોડી દેવુ. જે પોતાના નિવાસે બેસે એને પણ ખતરો રહેશે. લખાણ કરેલ ફોટો જાહેર જનતામાં ભયનું વાતાવરણ ઉભુ કરી દેશ તેમજ રાજયની સલામતી જોખમાય તેવું કૃત્ય કરી તેમજ ઠગાઈ કરવાના હેતુથી આતંકી હુમલાનો સોશ્યલ મીડીયાનાં માધ્યમથી મેસેજ વાયરલ કરનાર અમરેલીના માણેકપરા, શેરી નંબર–૪ બી/એચ રહેતા શ્રેણીક સંદીપભાઈ શાહ નામના ૨૭ વર્ષિય ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

ઝડપાયેલ ઈસમે જાહેર જનતામાં ભયનું વાતાવરણ ઉભુ કરવા તથા દેશ તેમજ રાજયની સલામતી જોખમાય તેવું કૃત્ય કરવા તેમજ આતંકી હુમલો કરવાના મેસેજ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ લેપટોપ કિંમત રૂપિયા ૧૫૦૦૦ તથા એક પ્રિન્ટર કિંમત રૂા.૧૦૦૦૦, એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫૦૦૦ તથા એક ફોર વ્હીલ નંબર જી.જે. ૧૪ ઈ ૮૨૬૯ કિંમત રૂા. ૩,૦૦,૦૦૦ તથા અન્ય ઉપજાવી કાઢેલ બનાવટી આમંત્રણ પત્રીકાઓ તથા બનાવટી દસ્તાવેજી પત્રો મળી કુલ રૂા. ૩,૩૦,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી શ્રેણીક સંદીપભાઈ શાહને ઝડપી પાડવામાં આવેલ છે. અને ઝડપાયેલા ઈસમને વધુ તપાસ અર્થે અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૪ | ૧૫૨૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૪૦ | ૯૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૨૧૧ | ૧૨૧૧ |
| ૩ | ધાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૪ | તુવેર | ૧૬૫૦ | ૧૭૦૬ |
| ૫ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| ૬ | અડદ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૨ | ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૩ | ચણા સફેદ | ૧૫૪૨ | ૧૫૪૨ |
| ૪ | ધાણા | ૧૦૪૫ | ૧૨૨૫ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૫૦૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૩૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૦૭ |
| ૮ | અડદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૯ | તુવેર | ૧૨૭૦ | ૧૮૨૦ |
| ૧૦ | મગફળી | ૯૦૦ | ૧૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## લોન આપવાનાં નામે છેતરપીંડી

આમાં મુખ્ય સૂત્રધાર પોતાને અમરેલી જિલ્લા મહિલા ગૃહ ઉદ્યોગ કેન્દ્રના અધિકારી ત્રિવેદી (મો. નં. ૯૪૦૯૪ ૪૯૬૨૨) તરીકે ઓળખ આપીને પોતાના મળતીયા સાવરકુંડલામાં ખાદી કાર્યાલય પાછળ રહેતા ગુણુભાઈ ઉર્ફે ગૌતમભાઈ બગડા (મો. ૯૪૨૮૯ ૭૫૪૮૩) મારફત શિવાજી નગર વિસ્તારમાં રહેતા અત્યંત ગરીબ અને ભાડાના મકાનમાં રહેતા જુદી જુદી મજૂરી કરી પેટયુ રળતા મહિલા થળેસા હંસાબેન કનુભાઈ મકવાણાને જુદા જુદા પ્રકારની લોભામણી લાલચો આપી, આખી યોજના સમજાવી આ યોજના ફકત બહેનો માટે જ હોવાનું અને મહિલા ઉદ્યોગ કેન્દ્ર અમરેલી તરફથી દરેકને ૫ લાખની ગૃહ ઉદ્યોગ માટેની લોન આપવામાં આવે છે અને એમાં રૂા. ૨ લાખ સરકાર તરફથી સબસીડી પણ આપવામાં આવશે અને બાકી રહેલા રૂા. ૩ લાખ હપ્તે હપ્તે ચૂકવવાના રહેશે. આવી વાતોમાં ભોળવીને હંસાબેનને એક કેસ દીઠ રૂપિયા ૨૫૦૦ કમિશન આપવાનું નક્કી કરેલ. આ માટે એમને લોન લેવી હોય તેમણે એફિડેવિટ, આધારકાર્ડ, રેશનકાર્ડ જેવા ડોક્યુમેન્ટ સાથે રૂપિયા ૧૦,૦૦૦ વહીવટી ખર્ચના આપવાના રહેશે. હંસાબેને એક લાભાર્થી દીઠ રૂા. ૨૫૦૦ મળવાની લાલચે જયાં જયાં ઓળખીતા કે સંબંધી હોય તે તમામ પાસેથી ડોકયુમેન્ટ અને ૧૦,૦૦૦ રૂપિયા રોકડા ઉઘરાવી અંદાજે ૫૦ મહિલાઓના રૂપિયા પાંચ લાખ જેવી રકમ ગુણુભાઈ ઉર્ફે ગૌતમભાઈ બગડાને આપેલા હતા. હવે આ વાતને છ થી આઠ મહિના જેટલો સમય વીતી જતા અને લોન કોઈને પાસ ન થતાં તમામ ભોગ બનનારા લોકો હંસાબેનના શિવાજીનગર સ્થિત મકાને આવી કડક ઉઘરાણી કરવા લાગ્યા. દરરોજે દરરોજ ટોળેટોળાના રૂપમાં પોતાના સગા–સંબંધીઓ સાથે આવી ગાળા ગાળી અને મારામારી કરવા લાગ્યા. હવે જે મુખ્ય સૂત્રધારો છે તેઓ બંને પોતપોતાના મોબાઈલ સ્વીચ ઓફ કરી ગુમ થઈ ગયા છે અને તેના તરફથી કોઈ જવાબ નથી. આ મહિલા હંસાબેનની મુશ્કેલીમાં વધારો એટલે થયો છે કે મોટાભાગના પોતાના સગા સંબંધીઓ પરિચિતો પાસેથી રકમ ઉઘરાવી છે એટલે આ મહિલાની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે.

આજે સાવરકુંડલા સોશિયલ એકિટવિસ્ટ અને ક્ષત્રિય આગેવાન પ્રતાપભાઈ ખુમાણને રૂબરૂ મળી રડતા રડતા આખી ઘટના વર્ણવી હતી અને પોતે કંટાળી જઈને ઝેર પી આપઘાત કરવાનું વિચારી રહ્યા હોવાનું અને કોઈ રસ્તો સૂઝતો ન હોવાનું જણાવતા પ્રતાપભાઈ ખુમાણે સૌપ્રથમ હંસાબેનને આસન આપી શાંત કર્યા હતા અને તેમની સાથે આવેલા જેટલા ભોગ બનનારાઓ હાજર હતા તેમને સમજાવી અને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ટાઉન પોલીસ ઈન્સ્પેકટર પાસે રૂબરૂ લેખિત ફરિયાદ કરાવડાવી હતી. આ બાબતે જીલ્લા પોલીસ વડા, ધારાસભ્ય અને સાંસદ અંગત ધ્યાન આપી તાત્કાલિક કડક કાર્યવાહી કરી મુખ્ય બંને સૂત્રધારોને ઝડપી પાડી આ મહિલાઓની રકમ જો પરત અપાવી શકે તો ખૂબ મોટી માનવસેવા થઈ ગણાશે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૦૨૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૧ | ૩૦૨૬ |
| ૩ | તલ કાળા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૪૩૫ |
| ૫ | બાજરો | ૪૧૬ | ૫૨૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૬૦૪ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૧૧૨૫ |
| ૮ | મગ | ૧૪૧૪ | ૨૧૭૬ |
| ૯ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૦ | તલ પીળા | ૩૯૫૦ | ૩૯૮૦ |
| ૧૧ | રાય | ૯૪૧ | ૯૪૧ |
| ૧૨ | સોયાબીન | ૮૩૬ | ૮૭૮ |

### અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજમાં

# બાબરા યુવા બ્રહ્મસમાજનાં અગ્રણી વિપુલ ત્રિવેદી અને ચેતન જોષીની વરણી કરાઈ

## જિલ્લાનાં બ્રહ્મસમાજ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી

બાબરા, તા. ૧૩

બાબરા સમસ્ત યુવા બ્રહ્મસમાજના યુવા અગ્રણી વિપુલભાઈ ત્રિવેદી તેમજ ચેતનભાઈ જોષીની અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજ માં વરણી કરવામાં આવી છે.

જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ મુકુંદભાઈ મહેતા અને મહામંત્રી ભગીરથભાઈ ત્રિવેદી દ્વારા જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજનું ગઠન કરતા જેમાં વિપુલભાઈ ત્રિવેદીને મંત્રી તરીકે તેમજ ચેતનભાઈ જોષીને કારોબારી સભ્ય તરીકે નિયુકત કરવામાં આવતા બાબરા તેમજ અમરેલી જિલ્લાના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા છે.





જેમાં ઉદયનભાઈ ત્રિવેદી, તુષારભાઈ જોષી, નરૂભાઈ ત્રિવેદી, પંકજભાઈ ઈન્દ્રોડિયા, કુલદીપ ભટ્ટ, મનોજભાઈ કનૈયા, હિરેનભાઈ દવે, નરેશભાઈ ઉપાધ્યાય, હસુભાઈ જોષી, અરવિંદભાઈ ત્રિવેદી, જીતુભાઈ ત્રિવેદી, મુકેશભાઈ મહેતા, અનિરૂદ્ધભાઈ પાઠક, જીતુદાદા જોષી, વસંતભાઈ તેરૈયા, સુનિલભાઈ પંડયા, જગદીશ ભટ્ટ, દેવેન્દ્ર જાની, ડો. પ્રવિણભાઈ ત્રિવેદી, દીપકભાઈ ત્રિવેદી, મિહિરભાઈ તેરૈયા, રાજુભાઈ તેરૈયા, કાકુંભાઈ ચાવ, કિરીટભાઈ ઈન્દ્રોડિયા, પ્રકાશભાઈ દવે, ભાર્ગવભાઈ ત્રિવેદી, સુરેશભાઈ ત્રિવેદી, મોલિકભાઈ તેરૈયા સહિતના બાબરા શહેર અને તાલુકાના સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓ અને લોકો દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા છે.

### ખીચા ગામનાં ખેડૂત દ્વારા થયો પ્રારંભ

# અમરેલી : માર્કેટયાર્ડમાં સિઝનનાં નવા ઘઉંની આવક શરૂ થઈ

## પ્રતિ મણ રૂપિયા ૫૭૧ નો ભાવ મળ્યો

અમરેલી, તા. ૧૩

અમરેલી સાવરકુંડલા રોડ પર બનેલ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અમરેલી, નવા માર્કેટયાર્ડમાં તા.૧૩/૧/૨૦૨૪ ને શનિવારનાં રોજ સિઝનનાં નવા ઘઉની આવક શરૂ થઈ હતી. જેમાં ખેડૂત હિંમતભાઈ બેચરભાઈ રે.ખીચા, કમિશન એજન્ટ સુમુખ ટ્રેડીંગની દલાલીમાં ઘઉ વેંચાણ અર્થે લાવેલ હતા. અંદાજીત ૫ મુદ્દા જેટલા ઘઉની આવક હતી. નવા ઘઉની ખરીદી વેપારી શ્રી એકતા એન્ટરપ્રાઈઝે કરી હતી. જેનો ભાવ રૂા. ૫૭૧/- પ્રતિ મણનાં રહેવા પામેલ હતો. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવા ઘઉની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### અમરેલી ખાતે કોંગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ

# મણીપુરથી મુંબઈ સુધીની ભારત જોડો ન્યાય યાત્રાનો આજથી પ્રારંભ

## દેશની વર્તમાન સમસ્યાનાં નિરાકરણઅર્થે યાત્રાનું આયોજન

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલયખાતે પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, અર્જુનભાઈ સોસા, શંભુભાઈ દેસાઈ, મનિષ ભંડેરી સહિતનાં આગેવાનો ધ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવેલ હતું.

કોંગી આગેવાનોએ જણાવ્યું હતું કે, "ભારતજોડોયાત્રા"ની અભૂતપૂર્વ સફળતાબાદ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ ધ્વારા "ભારત જોડો ન્યાય યાત્રા" યોજાશે. "ભારતજોડોન્યાયયાત્રા" ૧૪ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ મણીપુરથી પ્રારંભ થશે. ભારત જોડો ન્યાય યાત્રા ૬૫૦૦ કિલોમીટર લાંબી યાત્રા ૧૧૦ જિલ્લા, ૧૫ રાજયોમાંથી પસાર થશે. ભારત જોડો ન્યાય યાત્રા ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ એ પ્રારંભ થઈ અને મુંબઈમાં ૨૦ માર્ચના રોજ પૂર્ણ થશે. ભારત જોડો ન્યાય યાત્રા મણીપુરથી પ્રારંભ થઈ નાગાલેન્ડ, અસમ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઉડીસા, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રથી પસાર થશે. દેશમાં વધી રહેલ આર્થિક અસમાનતા, સામાજિક ધ્રુવીકરણને રોકવા અને સર્વસમાવેશી રાજનીતિ માટે "ભારત જોડો ન્યાય યાત્રા"ની શરૂઆત કરવામાં આવશે. ભારતના લોકોને આર્થિક, સામાજિક અને રાજનૈતિક ન્યાય મળી રહે તે માટે "ભારતજોડોન્યાયયાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે જેની શરૂઆત ૧૪મી જાન્યુઆરીએ મણીપુરથી થશે.

વધુમાં જણાવેલ છે કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષનાં નેતા રાહુલ ગાંધી ધ્વારા રેકોર્ડ સમાન વિશ્વના કોઈ પણ રાષ્ટ્રીય નેતાએ ના કરી હોય તેમ સૌથી લાંબી કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૪૫૦૦ કિલોમીટરની સફળ ભારત જોડો યાત્રા યોજવામાં આવી હતી. સમગ્ર દેશમાં નફરતના વાતાવરણને દૂર કરી પ્રેમ અને ભાઈચારાનો સંદેશો લઈથી રાહુલ ગાંધીએ યાત્રાનું નેતૃત્વ કર્યુ હતું. ભારત જોડો યાત્રામાં બાળપણની ઈજા હોવા છતાં વેદન સહન કરીને દેશમાં જાત, પ્રાંત, ધર્મ, ભાષાથી ફેલાતી નફરતને દૂર કરી પ્રેમનો સંદેશો લઈને નીકળ્યા હતા. ભારત જોડો યાત્રા કન્યાકુમારીથી કાશ્મીરના સમાપન પછી પણ ભારત જોડો યાત્રાના સંકલ્પને આગળ વધારતા દેશના અલગ અલગ વર્ગના લોકો જોડે તેમની પીડા અને સંઘર્ષમાં સહભાગી થવાનો પ્રયત્ન કર્યો હતો. ટ્રક ડ્રાઈવર, કુલી, મજદુરો, ગેરજમાં મિનેનિક જેવા વર્ગ જોડે સંવાદ કર્યો હતો અને સામાજિક વૈમનસ્યતા, આર્થિક વિષમતા અને ભાઈચારનાં સંદેશથી દેશની અખંડતતાને જોડવા હૃદયપૂર્વકની રાહુલ ગાંધીએ અપીલ કરેલ છે. તેમ એક યાદીમાં જિલ્લા કોંગ્રેસ અગ્રણી નરેશભાઈ અધ્યારૂ, રફીકભાઈ મોગલ, ટીકુભાઈ વરૂ, જમાલભાઈ મોગલે જણાવ્યું છે.

# લીલીયા મોટા : વીસી અને તલાટી મંત્રી સાથે બેઠક યોજતા ધારાસભ્ય કસવાલા





લીલીયામોટા, તા. ૧૩

લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે વીસી અને તલાટી મંત્રી સાથે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા બેઠક યોજાઈ અને તલાટી મંત્રી તેમજ વીસીને અપાયુ માર્ગદર્શન. જેમાં ધારાસભ્ય તરફથી આયુષ્યમાન ભારતની યોજના ઘરઘર સુધી પહોંચે અને કોઈપણ આ સરકારની યોજનાથી વંચિત ન રહે તેમજ સ્વચ્છતાને ગામડાઓમાં પ્રાધાન્ય આપવામાં આવે અને એવોર્ડ આપવાના સમયે જજ પણ વિચારતા રહેવા જોઈએ કે મારે કયુ ગામ સિલેકટ કરવું તેવું ધારાસભ્ય દ્વારા સૂચન કરવામાં આવેલ. ત્યારબાદ વિસીઓને પડતી મુશ્કેલીઓને ધારાસભ્ય મહેશભાઈ દ્વારા સાંભળવામાં આવી અને બનતા પ્રયત્ન વિધાનસભામાં કરવાની ખાતરી આપવામાં આવી. આ તકે ભનુભાઈ ડાભી, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, કેતન ઢાકેચા, ટીડીઓ રાદડિયા, કિશોરભાઈ આચાર્ય, જીગ્નેશ સાવજ સહિત તાલુકા પંચાયતના સદસ્યો અને તાલુકા પંચાયતના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે

# અમરેલી ખાતે "ધ ડિઝાઈન હબ" પરિવાર દ્વારા અક્ષત કળશનું પૂજન





અમરેલી, તા. ૧૩

અમરેલીની ઈન્ટીયર અને આર્કિટેકટ કંપની "ધ ડિઝાઈન હબ" પરિવાર દ્વારા જય શ્રી રામ ના નારા સાથે શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા અક્ષત કળશનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

આ તકે અમરેલી જિલ્લા યુવા ભાજપના મહામંત્રી મૌલિકભાઈ ઉપાધ્યાય, અમરેલી જિલ્લા બજરંગદળ સંયોજક વિદુરભાઈ ડાબસરા, અમરેલી જિલ્લા બજરંગદળ સહ-સયોજક શ્રી જીગીશુભાઈ મહેતા, બિલ્ડર અસોસિએશનના પૂર્વ સભ્ય ચુનીભાઈ ગજેરા, તથા રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીરના સભ્યો યશ મીરાણિ, વિવેક ઠાકર, પાર્થ રાજપોપટ, અજીત મોરી, વિદુર પાથર હાજર રહ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા ધ ડિઝાઈન હબના ફોઉન્ડર આકાશ જોષી અને નિકુંજ ગજેરા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# હીરાણા મુકામે ઈ.વી.એમ. નિદર્શન રથનું પરિભ્રમણ





અમરેલી, તા. ૧૩

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં અલગ અલગ ગામે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ પરિભ્રમણ કરી રહ્યા છે. આ અંતર્ગત અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના હીરાણા મુકામે ઈ.વી.એમ. નિદર્શન રથ પહોંચ્યો હતો. સૌ નાગરિકોએ ઈ.વી.એમ. નિદર્શન નિહાળ્યુ હતુ, ચૂંટણી પ્રક્રિયા, મતદાન વિષયક માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતુ. આ ઉપરાંત ચૂંટણી ફરજ પરના કર્મયોગીઓ દ્વારા આ રથદ્વારા ગ્રામજનોને ઈ.વી.એમ. વિશેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા અને મતદાન માટેની પ્રક્રિયા અંગે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા સ્વીપ એકિટવિટીના માધ્યમથી લોકોને ચૂંટણી પ્રક્રિયા અને મતદાન વિષયક માહિતી અને માર્ગદર્શન આપવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજનાં પ્રમુખ તરીકે આકાશ ડી. અગ્રાવતની વરણી

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ અમરેલીની તાજેતરની કારોબારીની બેઠકમાં સમાજમાં વર્ષોથી સેવા કરતા યુવા ધનને નૈતૃત્વ આપી સમાજની સેવા કરવાની તથા નવા સ્વપ્નો સીધ્ધ કરવાની નવી કેડી કંડારવાના કારોબારીનાં પ્રયત્નોનાં ભાગરૂપે યુવા ટીમમાં આકાશ ડી. અગ્રાવતની પ્રમુખ તરીકે બિન હરીફ વરણી કરવામાં આવેલ છે.



તથા અન્ય યુવા ટીમમાં જતિનભાઈ લશ્કરી, કમલેશભાઈ લશ્કરી, પંકજભાઈ દેવમુરારી ઉપપ્રમુખ તરીકે તથા જીતુભાઈ એમ. ચરણદાસ મહામંત્રી તરીકે, સંજયભાઈ એસ. અગ્રાવત સહમંત્રી તરીકે તથા ગૌતમભાઈ આર. કુબાવતની ખજાનચી તરીકે બિનહરીફ વરણી થયેલ છે. આ યુવા ટીમની વરણીને જ્ઞાતિજનો તથા સમાજ તરફથી સુંદર પ્રતિભાવ મળેલ છે. અને નવી ટીમ દ્વારા સમાજની સેવા કરવા તથા સમાજ ઉપયોગી કાર્યો થશે. આગામી સમયમાં શહેર મંડળ પાસે પડેલ જમીન ઉપર સમાજની વાડી બનાવવાનો આ ટીમનો પ્રથમ લક્ષ્યાંક છે. જે પ્લોટની માપણી, સફાઈ ફેન્સીંગ, વિ.ની કામગીરી રામાનંદાચાર્ય જયંતિ બાદ હાથ ધરાશે. તો સમાજે આ કાર્ય માટે ઉદાર હાથે આર્થિક યોગદાન આપવા પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રીનો સંપર્ક કરવો. તેમ મહામંત્રી જીતુભાઈ એમ. ચરણદાસની યાદીમાં જણાવાયું છે.

# સા.કુંડલા : વંડાના લેખક સુધીરભાઈ મહેતાની કલમે લખાયેલું પુસ્તક "કલ્યાણી સાગર"નું વિમોચન થયું

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના વંડા ગામના પ્રસિદ્ધ લેખક સુધીરભાઈ મહેતા (રાજય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક અવોર્ડ વિભૂષિત) ની કલમે લખાયેલું પુસ્તક 'શ્રી કલ્યાણી સાગર' નું વિમોચન થયું છે. અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના કરીયાણા ગામે શ્રી કલ્યાણી માતાજી - શ્રી આપ બાપા કરીયાણા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ કલ્યાણકા મહેતા-ભટ્ટ પરિવાર વાર્ષિક ચંડીપાઠ યજ્ઞ-સ્નેહમિલન કાર્યક્રમ તા.૧૯/૧૧/૨૦૨૩ રવિવારના દિને સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ લેખક ખેડાવાળ જ્ઞાતિનું ગૌરવ સુધીરભાઈ મહેતા પુસ્તક માટે આર્થીક યોગદાન આપનાર દાતા બલભદ્રભાઈ ઉમીયાશંકરભાઈ ભટ્ટ (જુનાગઢ) નાં કર્ કમળે થયું હતું. આ પુસ્તકનું પ્રકાશન શ્રી કલ્યાણી માતા સેવા સમિતિ કારીયાણા (અમરેલી) દ્વારા થયું છે. પુસ્તકની પ્રસ્તાવના શ્રી કલ્યાણી માતા સેવા સમિતિ કરીયાણાનાં પ્રમુખ અરવિંદભાઈ ટી. મહેતા ભાવનગરની કલમે લખાઈ છે. પુસ્તક પરિચય ડો. દેવીલા મહેતા (પોરબંદર) સુંદર રીતે આપ્યો હતો. લેખકનો પરિચય પ્રસિદ્ધ સાહિત્યકાર-કવિ પરેશભાઈ મહેતાએ આપ્યો હતો. શ્રી કલ્યાણી માતા સેવા સમિતિના પ્રમુખ અરવિંદભાઈ મહેતા માનદ મંત્રી જયસુખભાઈ સી. મહેતા સહમંત્રી ભરતભાઈ મહેતાની ઉજળી પ્રેરક હાજરી અને તેમના પ્રસંગો ચિત વક્તવ્ય અપાયા હતા. શ્રી કલ્યાણકા મહેતા - ભટ્ટ પરિવારજનોની વિશાળ હાજરી હતી. બધા જ પરિવારજનોને શ્રી કલ્યાણી સાગર પુસ્તક પ્રસાદીઢપે ભેટ આપવામાં આવ્યું હતું. લેખક સુધીરભાઈ મહેતાએ પોતાના પ્રવચનમાં પુસ્તક પ્રગટ કરવાના સકલ્પની ભાવવાહી વાત કહી હતી. તુષારભાઈ ભટ્ટ રાજકોટ અને અન્ય મહાનુભાવોએ પુસ્તકને રૂડી રીતે વધાવ્યું હતું. આ પુસ્તકમાં શ્રી કલ્યાણકા મહેતા - ભટ્ટ પરિવારના કુળદેવી શ્રી કલ્યાણી માતાજી - શ્રી આપા બાપાનો મહિમા ગાન-મંદિરનો ઈતિહાસ, જ્ઞાતિ ઈતિહાસ સેવા સમિતિના વિવિધકાર્ય માતાજીની આરતી-સ્તુતિગાન, પરિવારની વંશાવલીનું આલેખન લેખકની કલમે થયું છે.





### ગામના સરપંચે કલેકટરને પત્ર પાઠવી મદદ માંગી

# લીલીયામોટામાં વિકાસકાર્યોમાં વિલંબ થાય એટલે જાણી જોઈને તલાટી મંત્રીની વારંવાર બદલી ?

## સરપંચે ખુલ્લેઆમ ભેદભાવ રખાતો હોવાનો કર્યો આક્ષેપ

અમરેલી, તા. ૧૩

લીલીયા મોટાના સરપંચ જીવનભાઈ વોરાએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા મોટા ગ્રામ પંચાયત અંદાજીત ૧૫,૦૦૦ કરતા વધુ વસ્તી ધરાવે છે. જયારે તલાટી કમ મંત્રી નિમણૂંક થાય ત્યારબાદ ૧૫ દિવસ બાદ તુરંત બદલી માટેનો હુકમ કરવામાં આવે છે. જયારે નવા મંત્રી હાજર થાય ત્યારબાદ પંચાયત બેઠકના એજન્ડા કાઢી સહી વલણ બદલે ત્યાં સુધીમાં નવા તલાટી કમ મંત્રીના હુકમ થઈને આવી છે. જેથી સફાઈ કામદારના પગાર તથા ગ્રામ પંચાયતના અન્ય કર્મચારીના પગાર તથા ગ્રામજનોના કામો કરવામાં વિલંબ થાય છે. વધુમાં જણાવેલ છે કે, મારી સાથે કોઈ રાજકીય વાંધો હોઈ જેના સફાઈ કામદાર, અન્ય કર્મચારી તથા ગ્રામજનોને તલાટી કમ મંત્રીની વારંવાર બદલીના કારણે વહીવટી તથા અન્ય કામો અટકી પડે છે અને અગાઉ સરપંચને એક જ મંત્રી ૫ વર્ષ કામગીરી કરેલ જયારે મારી સાથે આવો ભેદભાવ શા માટે રાખવામાં આવેલ છે તેમ અંતમાં જણાવેલ છે.

### વન વિભાગ સાથે સંકલન કરીને

# અમરેલીમાં વન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પક્ષીઓને બચાવવા માટેનું સુંદર કાર્ય

## સવાર અને સાંજે પતંગ ચગાવવાથી દુર રહેવા જણાવાયું



અમરેલી, તા. ૧૩

ઉતરાયણ એટલે મકરસંક્રાંતિ પતંગો ચગાવવાનો ઉત્સવ આ મકરસંક્રાંતિના આ પર્વને ધ્યાને લઈને સરકાર દ્વારા કરૂણા અભિયાન ૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી સુધી પક્ષી બચાવવાના અભિગમને સાકાર કરવા વનતંત્ર સાથે એન.જી.ઓ. સંસ્થાઓ કામે વળગી છે. અને સ્કૂલોના બાળકોમાં જાગૃતિ આવે અને ઉતરાયણમાં વહેલી સવારે અને સાંજના ૫ કલાકે પતંગો ના ચગાવે અને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ટાળવાના હેતુથી સરકારના આદેશ મુજબ 'કરૂણા અભિયાન' ગીરસોમનાથ, જૂનાગઢ અને અમરેલીમાં શરૂ થઈ ગયું છે. જેમાં પતંગના દોરાથી ઘાયલ પક્ષીઓને કલેકશન સેન્ટર અને ટ્રીટમેન્ટ સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે.

જયારે પક્ષીઓ દોરાથી ઘાયલ ના થાય તેની જનજાગૃતિઓ જિલ્લાભરના સ્કૂલો, હાઈસ્કુલ અને કોલેજમાં થઈ રહી છે ને ઉતરાયણના પર્વમાં પતંગોની મજામાં પક્ષીઓને સજા થઈ થઈ રહી હોય, તે અંગેની જનજાગૃતિ અગાઉથી શરૂ થઈ ગઈ છે અને વ્હેલી સવારે પક્ષીઓ આકાશમાં ઉડવા નીકળે ત્યારે પતંગ ના ચગાવવા અને સાંજના ૫ વાગ્યે પતંગ ના ચગાવવા માટે વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા અને સરકારના કરૂણા અભિયાનમાં પક્ષી બચાવવા વિદ્યાર્થીઓ પણ સહભાગી થયા છે.

અમરેલી જિલ્લામાં ઉતરાયણ પર્વને લઈને છેલ્લા ૧૯ વર્ષથી જનજાગૃતિ માટે કામ કરતી વન ચેરીટેબલ ટ્રસ્ટ ૭૨ સભ્યોની ટીમ કરૂણા અભિયાન કરી રહી છે. ડોકટર સાથેની ટીમ દ્વારા દરેક સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ચાઈનીઝ દોરી અને પતંગથી પક્ષીઓને થતી દુર્ઘટના અંગે સમજણ આપીને કામ કરી રહી છે ને અત્યાર સુધીમાં ૨૨૧ શાળાઓમાં જઈને જનજાગૃતિ ફેલાવવા ને ટેમ્પલેટ વિતરણ કરીને શપથ સાથે પક્ષીઓ બચાવવા ભગીરથ પુઢષાર્થ સ્થાનીક સંસ્થા કરી રહી છે.

સરકાર દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત ઘાયલ પક્ષીઓ બચાવવા માટે અમરેલીજિલ્લામાં ૬ ઘાયલ પક્ષી માટે ૬ કલેકૃશન સેન્ટર અને ૨ ટ્રીટમેન્ટ સેન્ટર ખોલ્યા છે. તો જૂનાગઢ જિલ્લામાં ૯ કલેકશન સેન્ટર અને ૧૮ ટ્રીટમેન્ટ સેન્ટરો તો ગીર સોમનાથ જિલ્લામાં ૮ કલેકશન સેન્ટર અને ૬ ટ્રીટમેન્ટ સેન્ટરો ખોલીને વનતંત્ર દ્વારા શરૂ કરી દીધા હોવાનું જૂનાગઢ વનવિભાગના સી.સી.એફ. આરાધના સાહુ એ જણાવ્યું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## અયોધ્યા ખાતે રર જાન્યુઆરીએ થનારા શ્રીરામ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને

# અમરેલી જિલ્લાની જનતા ''શ્રીરામ''નાં રંગે રંગાઈ

**જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં નેતૃત્વમાં ૧લી જાન્યુઆરીથી ૨.૫૮ લાખ ઘરો અને અન્ય સ્થળોએ અક્ષત રૂપી પ્રસાદીનું વિતરણ થયું**

**જિલ્લાનાં ૬૮ જેટલા સાધુ અને સંતો પણ રામભક્તોનાં સંપર્ક કાર્યમાં જોડાયા**

**જિલ્લાનાં ૫૦૦ સ્થળોએ ૫ હજાર કાર્યકર્તાઓ દ્વારા શોભાયાત્રા યોજવામાં આવી**

**જિલ્લાનાં રર જેટલા કાર સેવકોનું આસ્થાભેર સન્માન કરવામાં આવ્યું**



અમરેલી, તા. ૧૩

અયોધ્યા ખાતે આગામી રર જાન્યુઆરીએ ભગવાન શ્રી રામ મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ રહ્યો હોય જેને લઈને અમરેલી જિલ્લાની જનતા પણ ભગવાન શ્રી રામનાં રંગે રંગાઈ ચુકી છે અને સમગ્ર જિલ્લામાં જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ધ્વારા ૧લી જાન્યુઆરીથી ઘરે-ઘરે અક્ષતરૂપી પ્રસાદીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

દેશ-વિદેશમાં વસતા કરોડો હિન્દુ પરિવારોનાં આસ્થાનાં કેન્દ્ર સમાન ભગવાન શ્રી રામ મંદિરનાં

(અનુસંધાન પાના ૬ ઉપર)




### મધ્યમવર્ગીય પરિવારની મહિલાને રૂા. ર લાખની સબસીડી પણ મળશે તેવી લોલીપોપ આપી

## સાવરકુંડલા, મહુવા, અમરેલી, લાઠી પંથકની મહિલાઓ સાથે રૂપિયા પાંચ લાખની લોન આપવાનાં નામે છેતરપીંડી

### એક મહિલા એજન્ટ, સ્થાનિક એક વ્યકિત અને જિલ્લા મહિલા ગૃહ ઉદ્યોગ કેન્દ્રનાં એક કર્મચારીની સંડોવણીની શંકા

**(ખાસ અહેવાલ : પ્રતાપ ખુમાણ-સાવરકુંડલા)**

આપણને રોજબરોજ વિવિધ મીડિયાના માધ્યમોથી અવનવી રીત રસમો અપનાવી લોકોને છેતરી જતી ઠગ ટોળકીઓના કારનામાં જાણવા મળ્યા કરે છે. છતાં સામાન્ય, સાધારણ,ગરીબ મજૂર પ્રજાના એક વર્ગને યેનકેન પ્રકારે જુદી જુદી ટેકનીક અપનાવી ફોસલાવી, લાલચો આપીને ભલી ભોળી પ્રજાને બાટલીમાં ઉતારી જ દે છે. આવો જ વધુ એક કિસ્સો ચોંકાવનારો સાવરકુંડલામાંથી બહાર આવ્યો છે. આ વખતે ભોગ બનનાર તમામ મહિલાઓ છે.

સાવરકુંડલા શહેર અને તાલુકાના સમઢીયાળા ઉપરાંત મહુવા તાલુકાના તણસા, તાવેડા, મોટા ખુંટવડા અને લાઠી તથા અમરેલી તાલુકાના ભંડારીયા અને રાજકોટ સીટી સહિત ૫૦ જેટલી મહિલાઓ આ ટોળકીની છેતરપિંડીનો ભોગ બની છે. આમાં મુખ્ય સૂત્રધાર પોતાને અમરેલી

(અનુસંધાન પાના ૬ ઉપર)

### કુંકાવાવ માર્ગ પરથી ઝડપી લેવાયા

## મોટા આંકડીયામાં બીયરની ૧૬ બોટલ સાથે ર ઈસમોની અટકાયત

### તાલુકા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાનાં મોટા આંકડીયા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશનાં વતની પારસિંહ જ્ઞાનસિંહ બામનીયા તથા

(અનુસંધાન પાના ૬ ઉપર)





## નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૨-૦૧-૨૦૨૪ થી તા. ૨૦-૦૧-૨૦૨૪

**કાયચિકિત્સા વિભાગ**
ડૉ. કૈલાસ ડાભી (M.D.AYU.) | ડૉ. થુલ્યા મોહનદાસ (M.D.AYU.)
કોરોના મુક્ત થયા બાદ જણાતા લક્ષણોની સારવાર (Post Covidcare) ડાયાબીટીસ, થાઈરોડ, લીવરની તકલીફ, કીડનીના રોગોની સારવાર સોરીયાસીસ, (IBS), ખીલ, સફેદ દાગ (કોઢ), જુદા જુદા મસા, વારંવાર થતા ગુમડાની સારવાર, ખોડો, એલર્જી જેવા રોગોની સર્વ શ્રેષ્ઠ સારવાર

**સ્ત્રીરોગ વિભાગ**
ડૉ. ગાંધાલી (M.S.AYU.) | ડૉ. શિલા પંત (M.S.AYU.)
સ્ત્રીઓના પ્રસુતિ તથા નિઃસંતાનપણુ, જાતીય નબળાઈ, સ્ત્રીઓની માસિક-સંબંધી તકલીફો તેમજ શરીર ધોવાવું, ગર્ભ સંસ્કાર તથા ગુપ્ત રોગોની સર્વશ્રેષ્ઠ સારવાર

**બાળરોગ વિભાગ**
ડૉ. ધન્યા રાજ (M.S.AYU.)
બાળકોના વજનના વધતુ હોય તથા બાળકોના શરીરનો વિકાસ ન થતો હોય તેની પંચકર્મ સારવાર, બાળકોને પેરના રોગ પ્રતિકારક શક્તિ અને બુધ્ધીશક્તિ વધારવા માટે તેમજ બાળકોના માનસિક રોગો, પથારી પલાળવી, ઓછી યાદ શક્તિ તથા બાળકના વૃધ્ધિ-વિકાસ માટે સૂવર્ણપ્રાશન

**શાલક્ય વિભાગ**
ડૉ. ભૂમિ મહેતા (M.S.AYU.) | ડૉ. પૌસ પૌલોસ (M.S.AYU.)
આંખ, નાક, કાન, ગળુ, આંખના નંબર ઘટાડવા માટે અક્ષિતર્પણ જેવી પ્રાચીન પધ્ધતિથી સારવાર ઉપરાંત નસ્ય કર્ણપુરણ, કવલ, ગંડુષ જેવા ક્રિયાકલ્પો દ્વારા અન્ય રોગોની સારવાર, મોં અને શીરો રોગની સારવાર તેમજ ખાસ કરીને સૌંદર્યલક્ષી રોગો જેવા કે ખીલ, વાળ ખરવા, ખોડો, ડાઘ, ઉંદરી તથા નાની ઉંમરે થતાં સફેદ વાળની સારવાર

**શલ્ય વિભાગ**
ડૉ. ફારૂક અહમદ (M.S.AYU.) | ડૉ. કાજલ બગડા (M.S.AYU.)
કપાસીનો સચોટ, હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસૂત્રથી ઓપરેશન તથા સારવાર રાહતદરે
મૂત્રાશયની પથરી, અલ્પમૂત્રતા ઉભવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવ્રણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર, લાંબા સમયથી ન રૂજાતા ઘા ની જળો દ્વારા સારવાર

**આયુર્વેદિક પંચકર્મ વિભાગ**
ડૉ. હિરલ ગોહેલ (M.D.AYU.) | ડૉ. જયંત મારપાલિકર (M.D.AYU.)
ગાદીનો ઘસારો, પક્ષઘાત, માથુ દુઃખવું, ગાઉટ (ગહીયો વા), ઉંઘ ન આવવી, માનસિક તણાવ, ઓબેસીટી, વાળ ખરવા, ખીલ વગેરે રોગોની પંચકર્મની સારવાર

**પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર**

- પંચકર્મ સારવાર - વિરેચન - બસ્તિ નસ્ય - શિરોધારા - શિરોબસ્તિ - પિંડ સ્વેદન - અભ્યંગ સ્વેદન - સાંધાના દુઃખાવા - સાઈટીકા - સ્નાયુના દુઃખાવા - અગ્નિકર્મ દ્વારા સારવાર....

સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ** (ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ - ૨૨૪૫૨૫

**દવા તદ્દન ફ્રી આપવામાં આવશે**


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)